# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી પ્રવચનસાર ગાથા ૮૦
# જયસેન આચાર્ય તથા અમૃતચંદ્ર આચાર્યની ટીકા
# પ્રવચન LA317

Version 1

શ્રી પ્રવચનસારજી શાસ્ત્ર. એની જયસેન આચાર્ય ભગવાનની ટીકા. ગાથા નંબર ૮૦. એની ટીકા.

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।**

**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥ ८० ॥**

એક-એકનો અર્થ કરે છે. **जो जाणदि अरहंतं** એનો અર્થ કરે છે. **यः कर्ता जानाति ।** જે જાણે છે તેને કર્તા કહેવામાં આવે છે.

**कम्। अर्हन्तम्। कैः कृत्वा। दव्वत्तगुणत्तपज्जयत्तेहिं द्रव्यत्वगुणत्वपर्यायत्वैः।** અરિહંતના દ્રવ્યપણે, અરિહંતના ગુણપણે, અરિહંતને પર્યાયપણે, **सो जाणदि अप्पाणं।**

જે કોઈ જીવ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે એવો જીવ, **स पुरुषोऽर्हत्परिज्ञानात्पशचादात्मनं जानाति.** જે કોઈ ભવ્ય આત્મા - લાયક જીવ, પહેલા અર્હંતના દ્રવ્યને, અર્હંતના ગુણોને અને અરિહંતની પર્યાયને જાણે છે. કે અરિહંતનું દ્રવ્ય પરિપૂર્ણ છે, નિત્ય નિરાવરણ છે, અબદ્ધ છે. એમ એના દ્રવ્યસ્વભાવને પૂરેપૂરો જે છે એમ જાણે છે. અને એના ગુણો જ્ઞાનાદિ એ પણ પરિપૂર્ણ છે પારિણામિક ભાવે એમ જાણે છે. અને એની પર્યાય પરિપૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ જેને થઈ ગયું છે. એવી પરિપૂર્ણ પર્યાય જેમાં જાણવું-જાણવું-જાણવું-જાણવું સળંગ છે, એમ અર્હંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને પછી હું પણ એના જેવો જ છું.

**(सो) जाणदि अप्पाणं।** હું પણ એ અર્હંતના દ્રવ્યપણે જેમ છે દ્રવ્ય એમ મારું દ્રવ્ય છે. એના ગુણો એટલા જ મારા ગુણો છે અને એની પર્યાયમાં જેમ જાણવું-જાણવું ચેતના પ્રગટ થાય છે એમ મારી પર્યાયમાં પણ ચેતના છે. એમ દ્રવ્ય, ગુણ, પર્યાયને ચેતનરૂપ જાણે છે. અરિહંતના દ્રવ્યમાં, ગુણમાં કે પર્યાયમાં કયાંય રાગ-દ્વેષ નથી. તો મારા પરિણામમાં પણ ખરેખર રાગ-દ્વેષ નથી. રાગ–દ્વેષ છે એ ચેતનના પરિણામ નથી. જો એ રાગ-દ્વેષ અરિહંતની પર્યાયમાં હોય તો જ મારી પર્યાયમાં હોય.

હું તો એના, એની પર્યાયની સાથે હું મારી પર્યાયને મેળવું છું. તો એની પર્યાયમાં રાગ નથી એમ જાણીને હું મારી પર્યાયને જ્યારે જાણું છું, તો મારી પર્યાયમાં જ્ઞાન-ઉપયોગ દેખાય છે મારી પર્યાયમાં રાગ-દ્વેષ દેખાતો નથી. કેમકે અર્હંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને હું પણ એના જેવો જ છું એમ મેળવે છે. અને જ્યારે મળી જાય છે ત્યારે મોહનો નાશ થઈ જાય છે.

મુમુક્ષુઃ- વાહ, બહુ સરસ. મેળવે છે.

ઉત્તર:- મેળવે છે અને મળી જાય છે. દ્રવ્યથી મળતાપણું છે. એ ચેતન છે, હું પણ ચેતન. એનામાં ચૈતન્ય ગુણ, મારામાં પણ ચૈતન્ય ગુણ. એનામાં પણ ચિદ્‌વિવર્તન-ચેતના. ચેતના એટલે જ્ઞાન ઉપયોગ. એમ મારામાં પણ જ્ઞાન ઉપયોગ થાય છે, સમયે-સમયે.

એમ એના અર્હંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય, એને જાણીને પોતાના આત્માને મેળવે છે, તો દ્રવ્ય, ગુણ અને પર્યાયથી મળી જાય છે આત્મા. અત્યારે વર્તમાનમાં. જો એના જેવો જ હું છું એમ જાણે ત્યારે મોહ ક્ષય થાય. એનામાં રાગ નથી એની પર્યાયમાં, અને અહીંયાં પર્યાયમાં રાગ સ્થાપે તો મોહ ક્ષય નહીં થાય. તો તો અર્હંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને **पश्चात्**, હું પણ એના જેવો જ છું એમ જાણવું જોઈએ ને? એનાથી જુદું ન પડાય.

મુમુક્ષુ:- એનાથી જુદો પડે....

ઉત્તર:- તો મોહ ક્ષય નહીં થાય. એમ. આ તો મોહ ક્ષય - દર્શનમોહના નાશનો ઉપાય બતાવે છે.

**स पुरुषो** એટલે આત્મા, **ऽर्हत्परिज्ञानात्** અર્હંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને પરિપૂર્ણપણે જાણીને. **पश्चात्** પછી પોતાના આત્માને જે જાણે છે, આહાહા! **तत् पश्चात् आत्मानं जानाति** પોતાના આત્માને જાણે છે કે હું પણ એના જેવો છું. હવે, અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને પોતાના આત્માને પણ જ્યારે એના જેવો જાણ્યો, તો એના ફળમાં શું આવ્યું? કે **मोहो खलु जादि तस्स लयं** આહાહા! એને જાણીને પોતાના આત્માને જ્યારે એવો જ જાણે છે, કિંચિત માત્ર તફાવત નથી. જેમ અર્હંત જાણનાર છે એમ હું પણ જાણનાર છું. જેમ સિદ્ધ જાણનાર એમ હું પણ જાણનાર છું. મળી ગયું. પર્યાયથી મળી ગયું.

મુમુક્ષુ:- કેમકે મેળવવાનું કામ તો પર્યાયમાં થાય છે ને?

ઉત્તર:- પર્યાયમાં થાય છે ને? દ્રવ્ય, ગુણ તો સરખા છે. એમાં તો કોઈ વાદવિવાદ છે જ નહીં. અને ભૂલ પણ પર્યાયમાં થઈ છે ને? પર્યાયમાં જ્ઞાન ઉપયોગ થવા છતાં પર્યાયમાં રાગ થાય છે. (એમ માને છે) એ મોહનું કારણ થયું. હવે પર્યાયમાં રાગ થતો નથી, પર્યાયમાં જ્ઞાન થાય છે તો મોહની ઉત્પત્તિ નહીં થાય.

મુમુક્ષુ:- એટલે જેવું સ્વરૂપ છે એવું દેખાણું એને.

ઉત્તર:- બસ! જેવું સ્વરૂપ છે, એક આ પોતાના સ્વરૂપનો નમૂનો આપ્યો.

મુમુક્ષુ:- તે પ્રતિબિંબ છે.

ઉત્તર:- પ્રતિબિંબ છે. એને જાણીને હું એના જેવો છું એમ જાણ. કેમકે સીધો પોતાના આત્માને જાણી નહોતો શક્તો. અજ્ઞાની પ્રાણી પોતાના આત્માને સીધો જાણી નહોતો શક્તો. જેમ સોનાનો પરીક્ષક, અપરિક્ષકને શિખવાડે છે, ત્યારે કસોટી ઉપર સો ટચનું સોનું પહેલું એને બતાવે, કે જો આ નમૂનો. આની સાથે મળે તે સોનું. આની સાથે ન મળે તે સોનું નથી, મેલું છે. છેતરાઈશ મા, ધ્યાન રાખજે. નમૂનો આપે છે, કસોટી ઉપર. અને આમ જોતો જાય, આમ જોતો જાય એની સાથે મળતું નથી તો કે નહીં, આ તો બારવલું છે, દસવલું છે, આમાં ભેળસેળ છે. છેતરાય નહીં.

એમ, અનાદિકાળનો અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને જાણતો નથી. હવે પોતાના સ્વરૂપને

જાણતો નથી, પણ પોતાનું સ્વરૂપ ભલે જાણતો નથી, પણ મારી પૂર્વે પોતાના સ્વરૂપને જાણીને પરિપૂર્ણ પરમાત્મા થયા છે અરિહંત, એનું સ્વરૂપ તો હું જાણું. પછી મારું સ્વરૂપ જાણું. તો અર્હંતના દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણે છે પ્રથમ. જુઓ જૈનમત અનુયાયી મિથ્યાદ્રષ્ટિનો મોહ ક્ષય થાય છે. એમ કહે છે. જેને અર્હંતના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં ભૂલ છે, એ એના જેવો પોતાને માને છે, મોહ ક્ષય નહીં થાય. અરિહંતને ભૂખ લાગે છે ને રોગ થાય છે, એટલે એને એ અરિહંતના સ્વરૂપ વિશે વિપરિતતા થઈ.

આ તો દિગંબર જૈન આચાર્યો ભગવંતે જે અરિહંતનું સ્વરૂપ લખ્યું, એવા જ અર્હંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે. ચેતન, ચૈતન્ય અને ચિદ્‌વિવર્તન. ચેતન દ્રવ્ય, ચૈતન્ય ગુણ અને ચેતના પર્યાય. તો ત્યાં પણ ચેતના છે ને અહીંયાં પણ ચેતના જ છે, આહાહા! ત્યાં રાગ નથી એમ અહીંયાં પણ રાગ નથી, આહાહા! છદ્મસ્થનો આત્મા અરિહંતની સાથે મળી જાય છે, બોલો! અરિહંત થવા પહેલા અરિહંતની સાથે મળતાપણું આવી જાય છે.

મુમુક્ષુ :- એટલે જ અર્હંત થઈ જાય છેને?

ઉત્તર :- એટલે જ અરિહંત થઈ જાય છે. સમ્યગ્દર્શન થાય છે. મોહ ક્ષય થઈ ગયો. આહાહા! બહુ ગાથા ઊંચી છે. નમૂનો બતાવે છે. તું કેના જેવો છો? ઓલાયે ન કહ્યું? એકવાર દાખલો આપ્યો હતો મે. કે સિંહનું બચ્ચું ભૂલું પડીને ઓલા ઘેટા-મેંઢાંમાં, ભેડ-ભેડમાં વયું ગયું. ભેડ કહો છો ને? એમાં વયું ગયું. નાનું હતું એટલે ખબર નહોતી એટલે એના ભેગો ઓલો ગોવાળ પણ એને ચારવા માંડયો. થોડું-થોડું મોટું થવા માંડયું. મોટું થવા માંડયું એમાં ઓલી ટેકરી ઉપર એક સિંહ આવ્યો. અરે! આ મારી જાતનું બચ્ચું આમાં ક્યાં ફસાઈ ગયું?

મુમુક્ષુ:- ભાઈ! કેવું છે હેં? આહાહા! ભ્રમમાં એ એની સાથે? ભેડની સાથે એવો થઈ ગયો?

ઉત્તર:- હું ભેડ થઈ ગયો. ભેડ જ છું. પોતાના સ્વરૂપને ભૂલી ગયો. હું સિંહ છું. હું શેર છું એ ભૂલી ગયોને? હેં, અચ્છા! પોતાની મેળે ખબર ન પડી. શાસ્ત્રમાં આવે છે કે કાં પોતાથી કાં પરના ઉપદેશથી. આવે છેને? પોતાને પોતાના સ્વરૂપની ખબર ન પડી પોતાથી. એમાં ટેકરી ઉપર છેટેથી સિંહે જોયું આ ભેડને, મેંઢાંના ટોળાને અને એમાં મારી જાતનો સિંહ! આહાહા!

મુમુક્ષુ:- બધાથી જુદો પડતો દેખાણો એને.

ઉત્તર:- આહાહા! જુદો પડતો દેખાણો. લક્ષણથી એને જુદો પાડી દીધોને? મેંઢું ક્યાં અને સિંહ ક્યાં? એનું તેજ અસ્તુ રહે કાંઇ? હવે આને કેવી રીતે છોડાવવો? છોડાવવો છે બચ્ચાને. ફસાઈ ગયો છે. પહેલા અહીંયાંથી અવાજ કર્યો. ત્રાડ પાડી. ત્યાં મૂળતો જાતતો સિંહની હતીને? હેં, ત્યાં રૂવાડા બેઠાં થઈ ગયા કે આ શું? સિંહના બચ્ચાને એની ભાષામાં કહે છે, પહેલા મારી સામે જો. પછી તારી સામે જો. પહેલા સિંહના બચ્ચાએ આમ (સિંહને) જોયું, આમ જોઈ આમ (પોતાને) જોયું. આમ જ્યાં જોયું ત્યાં તો હું સિંહ છું ઠેંકડો મારીને બહાર નીકળી ગયો.

એમ આ સંસારમાંથી બહાર નીકળે છે અરિહંતને જોઈને પોતાના સ્વરૂપને જુએ છે એટલે. આહાહા! અરિહંત કહે છે તું મારા સામે જો. અરિહંતની વાણીમાં આવ્યું, દિવ્યધ્વનિમાં. તું મારા સામે જો પહેલા અને પછી તારી સામે જો. હું દ્રવ્ય, ગુણ, પર્યાયે શુદ્ધ છું. તું પણ દ્રવ્ય, ગુણ, પર્યાયે

એવો જ છો, જ્ઞાનમય આત્મા છો. આહાહા!

તારા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં અને મારા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં કિંચિત માત્ર ફેર નથી. જે ઉપયોગ લક્ષણ છે પ્રગટ, ચેતના. ચેતના પ્રગટ છે. અહીંયાં પણ ચેતના છે ને ત્યાં પણ ચેતના છે. ચેતન અને ચૈતન્ય તો સરખું છે.

મુમુક્ષુ:- પણ સિંહ અને સિંહનું બચ્ચું એક સરખા જ હોય છેને.

ઉત્તર:- એક સરખા જ હોય છે.

મુમુક્ષુ:- તો શું ફેર હોય છે?

ઉત્તર:- કાંઇ ફેર હોતો નથી. એટલે પહેલા ત્યાં દેખિયું. ત્યાં દેખીને અરે! આમ જ્યાં દેખ્યુ ત્યાં એમાં સિંહનું વીર્ય પ્રગટ થઇ ગયું. શક્તિ તો હતી. સિંહ તો હતો જ. પણ ઓલા મેંઢાંને જોઈને વૃતિ દબાઈ ગઈ હતી. તિરોભૂત થઈ ગઇ હતી વૃત્તિ. અને આમ (સિંહને) જ્યાં જોયું અને આમ (પોતાને) જોયું અરે! છલાંગ મારી હોં! છલાંગ મારીને નીકળી ગયો બહાર.

મુમુક્ષુ :- એની પાસે પહોંચી ગયો.

ઉત્તર:- એની પાસે પહોંચી ગયો. સિંહ પાસે હોં! એની પાસે જ પહોંચેને એતો. એણે બોલાવ્યો એટલે? હેં? એણે બોલાવ્યો એટલે પાસે જાવું જોઈએ. સિદ્ધ ભગવાન આપણને બોલાવે છે. આવો આવો આ પદ તમારું છે, આ પદ તમારું છે. આહાહા!

મુમુક્ષુ:- સિંહ તો હતો પણ સિંહનો ખ્યાલ આવી ગયો.

ઉત્તર:- હા. સિંહ તો હતો જ. પણ પોતે પોતાથી ખ્યાલ નહોતો આવતો. તો બીજાના ઉપદેશથી ખ્યાલ આવી ગયો. પછી એની પાસે વયો ગયો.

મુમુક્ષુ:- એની પાસે જ જાયને. મેંઢા પાસે રહે કઈં?

ઉત્તર:- મેંઢા પાસે રહે કોઈ? આહાહા! એતો બંધનમાં હતો, હવે મુક્ત થઈ ગયો. એ બંધનમાં હતો. ટોળામાં હતો ને? એની સાથે આવવું-જવું એનો ગોવાળ દોરે એમ કરવું પડે, હેં! આ તો મુક્ત થઈ ગયો. ખલાસ! એમ આ ૮૦ નંબરની ગાથા બહુ ઊંચી છે. આ દ્રષ્ટાંતથી ખ્યાલ બરાબર આવી શકે છે. એ દ્રષ્ટાંત છે. એમાં સિદ્ધાંત કહે છે કે પહેલા અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણ. આહાહા! અને જાણીને પછી, ત્યાં જાણીને ત્યાં લક્ષમાં રોકાવાનું નથી. એને જાણ્યા કરવાનું નથી. એને જાણીને પછી અહીંયા (પોતાને) જાણ, આહાહા!

**स पुरुषोऽर्हत्परिज्ञानात्पश्चादात्मनं जानाति,** હેં? અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને પછી પોતાના આત્માને જાણે છે. હવે એણે પોતાના આત્માને જાણ્યો તો ફળ શું આવ્યું? કે **मोहो खलु जादि तस्स लयं।** આહાહા! **तत आत्मपरिज्ञानात्तस्य मोहो** એટલે **दर्शनमोहो लयं विनाशं क्षयं यातिती। विनाशं क्षयं यातीति।** આહાહા! કહે છે, સંસ્કૃત આપણે .....ચાલે છે ગાડી!

**तत आत्मपरिज्ञानात्तस्य,** આત્માના, આત્માનું ભાન થયું, આત્માનું જ્ઞાન થયું, તો આત્માનું જ્ઞાન થયું તો શું થયું? **मोहो दर्शनमोहो लयं विनाशं।** દર્શન મોહ, ભાવ દર્શન મોહ અને દ્રવ્ય દર્શન મોહ બેઉનો નાશ થઇ ગયો, ખલાસ! ક્ષય થઇ ગયો. **विनाशं क्षयं यातीति ।** આહાહા! ઉપશમ નહીં. ઉપશમ શબ્દ નથી. ક્ષયોપશમ નથી.

મુમુક્ષુ:- હવે, એમાં ઉપશમનું શું કામ છે?

ઉત્તર:- હવે શું કામ છે ઉપશમનું?

મુમુક્ષુ:- હવે ઠેંકડો મારીને, ભાગી જાય પછી એમાં આવે?

ઉત્તર:- ઠેંકડો મારીને, ભાગી ગયો. આવે જ નહીં. આહાહા! એ જીવનો મોહ એટલે ભાવમોહ, દર્શનમોહ, મિથ્યાત્વ, અજ્ઞાન નાશ પામી જાય છે.

હવે, દ્રવ્ય, ગુણ અને પર્યાય કેવા હોય એનું જ્ઞાન કરાવે છે. ઓલું તો ટૂંકાણમાં, ટૂંકાણમાં અન્વયાર્થરૂપે લઈ લીધું. હં, મૂળમાં એટલું છે.

**यो जानात्यर्हन्तं द्रव्यत्वगुणत्वपर्ययत्वैः ।**

**स जानात्यात्मानं मोहः खलु याति तस्य लयम् ॥ ८० ॥**

એ જે ૮૦ ગાથાનું છે ને? એટલાનો અર્થ થયો. હવે ટીકા. ગાથાનો અર્થ થયો. હવે ટીકા કરે છે પોતે.

મુમુક્ષુ:- ગાથાના અર્થમાં જ ભાઈ, કેવું સરસ ચોખ્ખું કરે છે!

ઉત્તર:- ગાથાના અર્થમાં જ બધું આવી ગયું. ગાથાના અર્થમાં જ આવી ગયું બધું. હવે એનો વિસ્તાર કરે છે. દ્રવ્ય કોને કહેવાય? ગુણ કોને કહેવાય? અને પર્યાય કોને કહેવાય? એમ ત્રણ એના ભાગલા પાડેને એના લક્ષણ. દ્રવ્યનું લક્ષણ, ગુણનું લક્ષણ અને પર્યાયનું લક્ષણ. એમ ત્રણ લક્ષણથી જુદું પાડે છે.

**केवलज्ञानादयो विशेषगुणा,** કેવળજ્ઞાન છે તે આત્માનો વિશેષ, અસાધારણ ગુણ છે. **अस्तित्वादयः सामान्यगुणा**: અસ્તિત્વ આદિ સામાન્ય ગુણ છે. જ્ઞાન છે તે અસાધારણ ગુણ છે. **विशेषगुणा** એટલે અસાધારણ ગુણ છે. જ્ઞાનગુણ આત્માનો. અને અસ્તિત્વ આદિ વગેરે અસ્તિત્વ, વસ્તુત્વ આદિ એ સામાન્ય ગુણ છે. એમ કહે છે કે જ્ઞાનગુણ છે વિશેષ, એ જીવમાં જ હોય અને બીજામાં ન હોય. એને વિશેષ અસાધારણ ગુણ કહેવાય. અને અસ્તિત્વ, વસ્તુત્વ આદિ જે ગુણો છે એ સામાન્ય ગુણો છે. જીવમાં પણ છે અને બીજા પાંચ દ્રવ્યોમાં પણ છે. એટલે સામાન્ય ગુણ કહેવાય.

આગળ, **परमौदारिकशरीराकारेण यदात्मप्रदेशानामवस्थानं स व्यंजनपर्यायः** પરમ ઔદારિક શરીરના કારણે **यदात्मप्रदेशानाम** જે પ્રદેશનું કંપન, પ્રદેશનો આકાર **स्थानं स व्यंजनपर्यायः** તેને વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. એનો અર્થ બરાબર કરો, જો આ બરાબર છે? મે કર્યો અમસ્તો ઉપરથી.

મુમુક્ષુ:- **परमौदारिकशरीराकारेण,** પરમ ઔદારિક શરીરના આકાર.

ઉત્તર:- આકાર એ જીવનો આકાર.

મુમુક્ષુ:- આકાર પ્રમાણ **यदात्मप्रदेशानामवस्थानं स व्यंजनपर्यायः** વ્યંજનપર્યાયની વ્યાખ્યા કરી.

ઉત્તર:- વ્યંજનપર્યાયની વ્યાખ્યા કે જેવું શરીર પરમ ઔદારિક સિદ્ધ છે એ જ પ્રકારે એની

આકૃતિ અત્યારે છે. તો એને વ્યંજનપર્યાય કહેવાય. એ પર્યાયનું કહ્યું. એક સામાન્ય, એક વિશેષ ગુણ કહ્યો જ્ઞાન, સાધારણ ગુણ અસ્તિત્વ કહ્યો અને વ્યંજનપર્યાય. પર્યાયમાં વ્યંજનપર્યાય લીધી. જેમાં પરમ ઔદારિક શરીર નિમિત્ત છે. નિમિત તરીકે અને નૈમિતિક તરીકે એની વ્યંજનપર્યાય, પ્રદેશત્વ ગુણના આકારે ....

મુમુક્ષુ:- એ પ્રમાણે જ આત્માનો આકાર છે.

ઉત્તર:- એ જ પ્રમાણે આત્માનો આકાર છે, એમ!

**स व्यंजनपर्याय:** હવે આગળ, **अगुरुलघुकगुणषड्‌वृद्धिहानिरूपेण प्रतिक्षणं प्रवर्तमाना अर्थपर्याया:,** વ્યંજનપર્યાય પછી હવે અર્થપર્યાય લે છે.

મુમુક્ષુ:- અર્થપર્યાયમાં અગુરુલઘુગુણની પર્યાય લે છે.

ઉત્તર:- લીધી કારણ કે તે નિર્મળ અને શુધ્ધ છે, આહાહા!

મુમુક્ષુ:- અને સરખી છે બધાની.

ઉત્તર:- સરખી છે અરિહંતની ને આ જીવની બેય. ખરેખર તો અર્થપર્યાયનું જ કામ છેને? વ્યંજનપર્યાય તો ઠીક છે. એટલે વ્યંજનપર્યાય જેમ એને છે એમ અહીંયા વ્યંજનપર્યાય તો છેજ ને? એને (અરિહંતને) પરમ ઔદારિક શરીર છે, આ ઔદારિક શરીર છે. તો વ્યંજનપર્યાય તો છે બસ એટલું. આકાર બતાવ્યો. ક્ષેત્ર બતાવ્યો. મૂળ તો ક્ષેત્ર બતાવ્યો.

અગુરુલઘુગુણની હાનિવૃધ્ધિ પર્યાય જે છે **प्रतिक्षणं प्रवर्तमाना अर्थपर्याया:,** જે અરિહંતની અગુરુલઘુગુણની પર્યાય છે તેમ અહીંયા અગુરુલઘુગુણની પર્યાય, નિર્મળ અને શુધ્ધ છે. **एवंलक्षण**, **एवंलक्षण** જે ગુણનું લક્ષણ કહ્યું અને પર્યાયનું લક્ષણ કહ્યું. ગુણમાં સામાન્ય અને અસાધારણ અને સાધારણ ગુણ - બે કહ્યા. અને પર્યાયમાં વ્યંજનપર્યાય અને અર્થપર્યાય. હેં? ગુણના બે પ્રકાર અને પર્યાયના પણ બે પ્રકાર કહ્યા. થિયું? હવે ટોટલ મારે છે. **एवं**, एवं એટલે?

મુમુક્ષુ:- एवं આગળ

ઉત્તર:- **एवंलक्षणगुणपर्यायाधारभूतममूर्तमसंख्यातप्रदेशं शुद्धचैतनयान्वयरूपं द्रव्यं चेति।** હવે, દ્રવ્યની વ્યાખ્યા કરે છે કે દ્રવ્ય કોને કહેવાય? કે ગુણ-પર્યાયને આધારભૂત અસંખ્ય પ્રદેશ શુધ્ધચૈતન્ય સ્વરૂપ તે દ્રવ્ય. **द्रव्यं चेति।** દ્રવ્ય છે એમ જાણ. चेति એટલે જાણ.

મુમુક્ષુ:- એમાં અન્વયરૂપ દ્રવ્ય છે.

ઉત્તર:- એમ? આ અન્વયરૂપ દ્રવ્ય છે. **शुद्धचैतन्यान्वयरूपंद्रव्यं** એવું અન્વયરૂપ, તેનું તે, તેનું તે, તેનું તે એવું છે એ દ્રવ્ય છે. બરાબર! **गुणपर्ययवत् द्रवयम् (**તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૫, સૂત્ર ૩૮) ટુકામાં. **गुणपर्ययवत् द्रवयम्** લીધું આખું. પ્રમાણનો વિષય.

**इत्थंभूतं द्रव्यगुणपर्यायस्वरूपं पूर्वमर्हदभिधाने परमात्मनि ज्ञात्वा पश्चान्निश्चयनयेन तदेवागमसारपदभूतयाऽध्यात्मभाषया निजशुद्धात्मभावनाभिमुखरूपेण सविकल्पस्वसंवेदनज्ञानेन** જરા વાંચી લઉં **तथैवागमभाषयाध:प्रवृत्तिकरणापूर्वकरणानिवृतिकरणसंज्ञदर्शनमोहक्षपणसमर्थपरिणामविशेष बलेन पश्चादात्मनि योजयति। तदनन्तरमविकल्पस्वरूपे प्राप्ते यथा पर्यायस्थानीयमुक्ताफलानि**

**गुणस्थानीयं धवलत्वं चाभेदनयेन हार एव, तथापूर्वोक्तद्रव्यगुणपर्याया अभेदनयेनातमैवेतिभावयतोदर्शनमोहान्धकारः प्रलीयते।** આહાહા! કરો આનો અર્થ કરો.

મુમુક્ષુ:- **एवंलक्षणगुणपर्यायाधारभूतममुर्तम्संख्यातप्रदेशं शुद्धचैतन्यान्वयरूपं द्रव्यं चेति। ईत्थंभूतं द्रव्यगुणपर्यायस्वरूपं पूर्वमर्हदभिधाने परमात्मनि ज्ञात्वा** એમ કહે છે કે ગુણ અને પર્યાયોનો આધારભૂત અમૂર્તિક, અસંખ્યાત પ્રદેશી, શુદ્ધ ચૈતન્ય અન્વયરૂપ જે દ્રવ્ય છે, એને આ પ્રકારે દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ તે અરિહંત ભગવાન પરમાત્માને જાણીને એટલે એમને દ્રવ્ય-ગુણ-પર્યાયથી આ પ્રકારે જાણીને.

ઉત્તર:- જાણીને, આ પ્રકારે જાણીને.

મુમુક્ષુ:- જાણીને, જો એમાં પણ કેવું લીધું? અરહંત ભગવાનને પણ આમ અભેદ જાણીને.

ઉત્તર:- અભેદ જાણીને.

મુમુક્ષુ:- અભેદ જાણીને - દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણીને. દ્રવ્યને, ગુણને, પર્યાયને આમ જુદા જુદા નહીં જાણવાનું અરહંતમાં પણ.

ઉત્તર:- હવે બરાબર! કેમકે અહીંયાં અભેદ જાણવો છે.

મુમુક્ષુ:- હાં.

ઉત્તર:- એ હવે બરાબર છે.

મુમુક્ષુ:- જુવો**, इत्थंभूतं** આ પ્રકાર **द्रव्यगुणपर्यायस्वरूपं** દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પહેલા અરહંત ભગવાન પરમાત્માને જાણીને.

ઉત્તર:- જાણ! અભેદરૂપે દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપે.

મુમુક્ષુ:- એમને પણ અભેદ જાણ.

ઉત્તર:- ત્યાં અભેદ જાણ, એમ અહીંયાં અભેદ જાણ.

મુમુક્ષુ:- પહેલા એમને ભેદથી જાણ્યા, દ્રવ્ય, ગુણ, પર્યાય. પછી એને અભેદથી જાણી લીધા.

ઉત્તર:- જાણી લીધું, અચ્છા.

મુમુક્ષુ:- પછી અહીંયાં જાણ. હવે શુદ્ધનયથી આત્માને જાણે છે.

ઉત્તર:- એને અભેદપણે જાણ્યા પછી શું શબ્દ છે?

મુમુક્ષુ:- પછી કહે છે કે **पश्चात्**.

ઉત્તર:- **पश्चात्**.

મુમુક્ષુ:- એના પછી એમને જાણી લીધા.

ઉત્તર:- જાણી લીધા.

મુમુક્ષુ:- હવે અહીંયાં. એનું મુખ ફરી ગયું.

ઉત્તર:- હાં, મુખ ફરી ગયું.

મુમુક્ષુ:- એમને જાણીને.

ઉત્તર:- હાં, ઉપાદાન તરફ આવી ગયો.

મુમુક્ષુ:- હવે અહીંયાં આવી ગયો. કે **निश्चयनयेन** નિશ્ચયનયથી

**तदेवागमसारपदभूतयाऽध्यात्मभाषया।** નિશ્ચયનયથી આગમની જે સારભૂત સારપદભૂત જે અધ્યાત્મ ભાષા છે એના અનુસાર **निजशुद्धात्मभावनाभिमुखरूपेण** નિજ શુદ્ધાત્માની ભાવનાની સન્મુખ થયો.

ઉત્તર:- જોયું, ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી દ્રવ્યની સન્મુખ થયો.

મુમુક્ષુ:- **सविकल्पस्वसंवेदनज्ञानेन** સવિકલ્પ સ્વસંવેદન જ્ઞાન કે જેને આગમ ભાષામાં અધ:કરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ સંજ્ઞા કહે છે કે જે દર્શનમોહના ક્ષપણમાં સમર્થ પરિણામ વિશેષના બળથી **पश्चादात्मनि योजयति** એના પછી એ આત્મામાં પરિણામને જોડી દે છે.

ઉત્તર:- જોડી દે છે. **योजयति** જોડી દે છે**.**

મુમુક્ષુ:- પહેલા સન્મુખ થાય છે પછી આત્મામાં જોડી દે છે.

ઉત્તર:- જોડી દે છે. પૂરું થઈ ગયું?

મુમુક્ષુ:- નહીં હજી છે. **तदनन्तर** એના પછી **अविकल्पस्वरूपे प्राप्ते.**

ઉત્તર:- જુઓ, અહીંયા સુધી સવિકલ્પ હતો.

મુમુક્ષુ:- અહીંયા સુધી સવિકલ્પ.

ઉત્તર:- જ્યાં સુધી, સંધ્યા! અધ:કરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના પરિણામ છે, ત્યાં સુધી એ આત્માની સન્મુખ તો હતો. પણ પછી આત્મામાં જોડી દે છે પર્યાયને. એ પછી. જોડાણો નથી હજી. ત્યાં સુધી સવિકલ્પ દશા હતી, એમ.

મુમુક્ષુ:- ભાવના ભાવે છે.

ઉત્તર:- ભાવના છે. ત્રિકાળી દ્રવ્યની ભાવના ભાવે છે, એટલે એ ભાવના છે એ મોહ ક્ષપણ થવામાં સમર્થ છે, પણ મોહ ક્ષય થતો નથી હજી. એ છે. બરાબર છે.

મુમુક્ષુ :- એના પછી તો પરિણામને આત્મામાં ..

ઉત્તર :- જુઓ! ધ્યેયના ધ્યાનમાં ગયો પણ ધ્યાતા નથી થયો હજી.

મુમુક્ષુ:- હા, નથી થયો.

ઉત્તર:- ધ્યેય હાથમાં આવ્યું પણ ધ્યાતા નથી થયો. જ્ઞેય હાથમાં આવ્યું પણ જ્ઞાતા નથી થયો. ધ્યેય પૂર્વક જ્ઞેય થાય. એ થાય ત્યારે થાય, બરાબર છે. સવિકલ્પમાં તો એને શુદ્ધાત્માની સન્મુખ થઈ ગયો અને એની ભાવનામાં પડ્યો છે. એટલે ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ-ક્રિયા એના ભેદો વિલય થતા જાય છે. વિલય થયા નથી. પ્રોસેસમાં આવી ગયો. હમણાં મોહ ક્ષય થશે એ તો નક્કી છે. કેમકે અધ:કરણ આદિ પરિણામમાં જે આવ્યો એ તો પાછો ફરતો જ નથી.

પણ ત્યાં સુધી હજી સવિકલ્પ કહ્યું એણે. ભલે અબુદ્ધિપૂર્વક છે, પણ છે. નિર્વિકલ્પ નથી ધ્યાન. અહીંયાં સુધી મિથ્યાત્વ છે, હોં! સૂક્ષ્મ પરિણામ છે, નહિતર કેવળીગમ્ય! પણ મિથ્યાત્વનો રસ છે હજી. તુટ્યો નથી.

મુમુક્ષુ:- હજી તો ધ્યેયનો વિચાર ચાલે છે. ધ્યેયનો પક્ષ છે હજી સુધી.

ઉત્તર:- ધ્યેયનો પક્ષ છે.

મુમુક્ષુ:- ધ્યેય પૂર્વક જ્યારે આખો જ્ઞેય થાય ત્યારે મોહનો નાશ થાય.

ઉત્તર:- આહાહા! ગજબની ગાથા છે, હોં! ગજબની ગાથા છે. જે અહીંયાં આવ્યું, આવ્યું તું એ જ આમાં છે. અક્ષરે અક્ષર. આમ કાંઇ મને ફેર લાગતો નથી. કાંઇ ફેર લાગતો નથી. જે આ લખે છે. એવું જ બનેલું હતું. એવું જ. એટલે આબેહૂબ છે આ. અનુભવકાળે, અનુભવની સન્મુખ થાય ત્યારે, અનુભવની પ્રોસેસમાં પ્રવેશ થયો ત્યારે અને વૃદ્ધિગત થાય ત્યારે શું થયું છેવટે એ બધું લખ્યું છે આમાં. આમાં બધું આના પૈસે સિક્કે લખ્યું છે. કાંઇ બાકી રાખ્યું નથી. આહાહા!

મુમુક્ષુ:- જેમ આપને બધું આમ સૂક્ષ્મ માં સૂક્ષ્મ .....

ઉત્તર:- આમ ક્લીયર છે. હાં, સુક્ષ્મમાં સુક્ષ્મ..

મુમુક્ષુ:- એમ આમાં પણ બધું સૂક્ષ્મ-સૂક્ષ્મ છે.

ઉત્તર:- સૂક્ષ્મ છે.

મુમુક્ષુ:- એક-એક.

ઉત્તર:- આત્મ અભિમુખ પરિણામ જે શબ્દ લખ્યા, એ ત્રિકાળી દ્રવ્યની સન્મુખ થઇ ગયો ઉપયોગ. અભેદ નથી થયો. પછી આત્મામાં જોડે છે એમ કહે છે. પછી આત્મામાં જોડી દયે છે ઉપયોગને. સમજી ગયા! જોડે છે. પછી, **पश्चात्** આત્મામાં ઉપયોગને જોડે છે. જ્યારે જોડે છે ત્યારે અભેદ થઈને અનુભવ થશે, એમ. એ પહેલા લખી નાખ્યું. કે આ પ્રોસેસ પછી શું કરશે એ આત્મા? કે ઉપયોગને આત્મામાં જોડી દેશે. આહાહા! જોડવાની શરૂઆત તો થઇ ગઈ છે પણ પૂર્ણ નથી થયો હજુ હોં. કરણલબ્ધિના પરિણામમાં હજી સમ્યગ્દર્શન પ્રગટ ન થાય. નિર્જરા શરૂ થઇ ગઇ. અસંખ્યાત ગુણી નિર્જરા શરૂ થઈ ગઈ. ભાવનિર્જરા અને દ્રવ્યનિર્જરાનો ઢગલો થવા માંડે. આહાહા! રજકણ ખરવા માંડે. એની મેળે. આહાહા!

મુમુક્ષુ:- સંવર નથી થયો હજી.

ઉત્તર:- સંવર નથી થયો. આ ઘણાં જીવો મને પ્રશ્ન કરે છે. કે કરણલબ્ધિના પરિણામમાં આવ્યો એટલે તો સંવર થઇ ગયો? કે ના! સંવર નથી થયો હજી બિલકુલ. તો કે નિર્જરા લખી છે. અસંખ્યાત ગુણી નિર્જરા લખી છે ગોમ્મટસારમાં, તો સંવરપૂર્વક નિર્જરા થાય ને? મેં કીધું નહીં. એ નિર્જરા સાપેક્ષ છે. સંવરપૂર્વકની નથી. સમજાય છે? આવા પ્રશ્નો આવે મારી પાસે. અને એનો બરાબર ઉત્તર આપું હેં! હા. સંવરપૂર્વક નિર્જરા નથી. એ તો નિમિત્તમાં શું થાય છે એનું જ્ઞાન કરાવ્યું. નિર્જરા થાવા માંડી. પરિણામ અભિમુખ થયા તો દ્રવ્યનિર્જરા થાવા માંડી અને ભાવ નિર્જરા પણ થવા માંડી પણ ભાવ નિર્જરા પૂરી ન થાય. એ સંવરપૂર્વક જ થાય. આવો પ્રશ્ન આવ્યો હતો.

મુમુક્ષુ:- સંવર સાથેની નિર્જરા નહીં?

ઉત્તર:- નહીં. એ સંવર વિનાની નિર્જરા. કે નહીં. એ સંવર સાપેક્ષ નિર્જરા. સંવર પૂર્વક નિર્જરા એ તો અનુભવના કાળમાં નિર્વિકલ્પ ધ્યાનમાં થાય. ચાલો, પછી? આ બધું આમાં (વિડિયો રેકોર્ડરમાં) આવી જાય છે. આમાં આબેહૂબ છે. આમાં લખ્યું છે એવું અમને સ્વરૂપ ભાષ્યું હતું. બોલો, જાણે આ અમારા માટે લખ્યું હોય! ચાલો પછી શું? આહાહા! જુઓ હવે, હવે **અવિકલ્પ**

નિર્વિકલ્પ ધ્યાનમાં આવે છે.

મુમુક્ષુ:- પહેલા તો દર્શનમોહના ક્ષપણમાં સમર્થ પરિણામ વિશેષના બળથી પછી **पश्चादात्मनि योजयति।** એ જ પરિણામને આત્મામાં લગાડી દે છે.

ઉત્તર:- લગાડી દે છે, બસ! ક્ષપણમાં સમર્થ થઈ ગયો. હમણાં મોહનો ક્ષય થશે. આહાહા! એવી સ્થિતિ આવી ગઈ. આબેહૂબ-આબેહૂબ પ્રોસેસ લખી નાખી છે મુનિરાજે. જેવું પોતાને અનુભવથી ભાષ્યું, એવું લખ્યું છે. આવી પ્રોસેસ ક્યાંય નથી.

મુમુક્ષુ:- કેટલી વ્યવસ્થિત.

ઉત્તર:- વ્યવસ્થિત. પછી?

મુમુક્ષુ:- **पश्चादात्मनि योजयति।** આત્મામાં લગાડે છે.

ઉત્તર:- લગાડે છે. હવે આગળ.

મુમુક્ષુ:- **तदनन्तर।**

ઉત્તર:- **तदनन्तर।**

મુમુક્ષુ:- એના પછી ઉત્તરોત્તર.

ઉત્તર:- ઉત્તરોત્તર, હાં.

મુમુક્ષુ:- **अविकल्पस्वरूपे प्राप्ते।**

ઉત્તર :- **तदनन्तर** એટલે ઉત્તરોત્તર.

મુમુક્ષુ :- એના પછી

ઉત્તર :- એના પછી! બરાબર. એના પછી, એના પછી, એમ. એમાં કર્તા-કર્મ-ક્રિયાનું આવે છે ને? ઉત્તરોત્તર ક્ષય થતો જાય છે ભેદ, કર્તા-કર્મ-ક્રિયાનો ભેદ ક્ષય થતો જાય છે એમાં જ છે. નીચે આવશે. વાંચજો.

મુમુક્ષુ:- અમૃતચંદ્ર આચાર્ય.

ઉત્તર:- હં! ચાલો પછી આગળ.

**करता करम क्रिया भेद नहीं भासतु है ,**
**अकर्तृत्व सकति अखंड रीति धरै है । (अध्यात्म पंच संग्रह,**
**ज्ञानदर्पण-१४८)**

એ અનુભવની રીત છે. અકર્તાપણું કાયમ રહે છે અને પરિણમે છે ત્યારે કર્તા-કર્મ-ક્રિયાનો ભેદ પડે છે, પણ ઉત્તરોત્તર ક્ષણે ભેદ વિલય થતા અભેદ થઈ જાય છે. કર્તા-કર્મનું અનન્યપણું થઈ જાય છે.

મુમુક્ષુ:- ત્યારે નિર્વિકલ્પ થાય.

ઉત્તર:- ત્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં.

મુમુક્ષુ:- પહેલા ભેદ પડે છે કર્તા-કર્મ-ક્રિયાનો?

ઉત્તર :- ભેદ પડે છે. થોડો ભેદ પડે છે.

મુમુક્ષુ :- ઉત્તરોત્તર એ ભેદ વિલય પામતો જાય છે.

ઉત્તર:- એ ઠરીને ઢીમ થઈ જાય છે. બરફ થઈ જાય છે. પાણીનું બરફ થઈ જાય છે. પાણી પ્રવાહી હતુ. કર્તા-કર્મ ક્રિયા છેને? પાણી પ્રવાહી હતુ. અને પછી જ્યારે બરફ થાય છે, અભેદ એમ! પાણી જ બરફ થઈ જાય છે.

મુમુક્ષુ :- કર્તા-કર્મ-ક્રિયાનો ભેદ, નિષ્ક્રિય ચિન્માત્ર થઈ જાય છે.

ઉત્તર:- થઈ જાય છે. નિષ્ક્રિય ચિન્માત્ર. બસ!

મુમુક્ષુ:- અભેદ થઈ જાય છે.

ઉત્તર:- અભેદ. **करता करम क्रिया भेद नहीं भासतु है** ભેદ હવે દેખાતો નથી. એ ભેદ દેખાય નહીં, ત્યાં નિર્વિકલ્પ ધ્યાનમાં વયો ગયો, ખલાસ! ચાલો, બહુ સરસ.

મુમુક્ષુ:- **तदनन्तरमविकल्पस्वरूपे प्राप्ते** એના પછી નિર્વિકલ્પ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

ઉત્તર:- હવે મોહ ક્ષય થાશે, હમણાં.

મુમુક્ષુ:- હવે તો વચ્ચમાં દ્રષ્ટાંત આપે છે. બાકી વાત તો ખતમ થઈ ગયી છે.

ઉત્તર:- હાં હાં, ખતમ થઈ ગયી.

મુમુક્ષુ:- **तदनन्तरमविकल्पस्वरूपे प्राप्ते।**

ઉત્તર:- નહીં, હજી મોહ ક્ષયનું આવશે.

મુમુક્ષુ:- હવે આવશે પણ વાત ખતમ થઈ ગઈ છે.

ઉત્તર:- ખતમ-ખતમ હો ગયી.

મુમુક્ષુ:- હવે એનું ફળ શું આવ્યું એ દ્રષ્ટાંતથી બધી વાત કરે છે. **यथा** જેમ દ્રષ્ટાંત આપે છે. **पर्यायस्थानीयमुक्ताफलानि** પર્યાયના સ્થાન ઉપર મોતી.

ઉત્તર:- મોતી, પર્યાયના સ્થાન પર મોતી, એમ!

મુમુક્ષુ:- **गुणस्थानीयं धवलत्वं** સફેદપણું.

ઉત્તર:- સફેદપણું! મોતીનું જેમ સફેદપણું છે એ ગુણ. એમ અહીંયાં જ્ઞાનગુણ છે, એમ!

મુમુક્ષુ:- **चाभेदनयेन हार एव** અને અભેદ નયથી એ હાર જ છે.

ઉત્તર:- ગુણ અને પર્યાયનું અભેદપણું એનું નામ હાર છે.

મુમુક્ષુ:- **तथापूर्वोक्त** એમ જ પહેલા જે કહ્યું **द्रव्यगुणपर्याया** દ્રવ્ય-ગુણ-પર્યાય **अभेदनयेन** અભેદ નયથી **आत्मैवेति (आत्मा एवं इति)** એ દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદનયથી આત્મા જ છે. એ પ્રકારે **भावयतो** ભાવતો **दर्शनमोहान्धकार:प्रलीयते** દર્શન મોહનો અંધકાર ક્ષય થઈ જાય છે.

ઉત્તર:- ક્ષય થઈ જાય છે. અહીંયાં, દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ જ્યારે જ્ઞેય લીધું, ધ્યેયમાં હજી મોહ પ્રલય નહોતો થયો.

મુમુક્ષુ:- એ તો મોહ ક્ષપણમાં સમર્થ પરિણામ હતા.

ઉત્તર:- સમર્થ હતા. હાં!

મુમુક્ષુ:- પરંતુ મોહનો ક્ષય તો અહીંયા દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ એક અભેદનયથી એક વસ્તુને ભાવ્યો ત્યારે દર્શન મોહનો નાશ થઈ ગયો.

ઉત્તર:- અદ્દ્ભૂત વાત છે. દ્રવ્યનો પક્ષ આવ્યો. પક્ષ આવ્યો એ તો સ્થૂલ છે. પછી ઉપયોગ

જ્યારે અંદરમાં જાય છે અને કરણલબ્ધિના પરિણામ શરૂ થયા ત્યારે એ દ્રવ્યનો આશ્રય, મોહના નાશનો ઉપાય આવી ગયો. સમર્થન થઈ ગયો. હવે, મોહનો નાશ થશે જ. એમ! અપ્રતિહદ ભાવ છે એમાં. પછી જ્યારે ઉપયોગ અનન્ય થઈ ગયો, આહાહા! જાણનારો જણાઈ ગયો, અંદરમાં. દર્શન થયા ત્યારે કહે છે કે આહાહા! દ્રવ્ય-ગુણ–પર્યાયનો અભેદનયે આત્મા **मोह क्षय लयं**, આહાહા! મોહનો નાશ થઈ ગયો. નાશની ધ્વનિ છે, હોં! ઉપશમની ધ્વનિ નથી.

આહાહા! આવું જ્યારે સમજે કે આત્મામાં, આત્માની પર્યાયમાં રાગ થતો નથી, આત્માની પર્યાયમાં ચેતના થાય છે. જો અરિહંતની પર્યાયમાં રાગ હોય તો મારી પર્યાયમાં રાગ હોય. આહાહા! અરિહંતની પર્યાય લીધી બોલો! અરિહંતની પર્યાયની સાથે આપણી પર્યાય મળી જાય છે, એમ કહે છે. એ ક્યારે મળે? કે અહીંયાં (મારામાં) રાગ થાય છે એમ ન જો ત્યારે. અહીં (મારામાં) જ્ઞાન થાય છે. ત્યાં (અરિહંતની પર્યાયમાં) પણ જ્ઞાન થાય છે અને અહીંયાં (મારામાં) પણ જ્ઞાન થાય છે. એટલું તો નહીં, એનાથી આગળ છે. કે એના (અરિહંતના) જ્ઞાનમાં પણ આત્મા જણાય છે અને મારું જ્ઞાન એવું પ્રગટ થાય છે કે મારો આત્મા એમાં જણાય છે, એમ લેવું પાછું. એના (અરિહંતના) જ્ઞાનમાં પણ એનો આત્મા જણાય છે કે નહીં? પ્રત્યક્ષ થઈ ગયો કે નહીં? એમ મારા વર્તમાન ચેતના લક્ષણમાં, આહાહા! ચેતન જણાય છે, એમ લેવું. ત્યારે અભેદ થઈ જાય છે આત્મા.

મુમુક્ષુઃ- અને જણાય છે, એટલે તો જણાઈ જાય છે એને. જણાય છે એટલે તો જણાય જાય છે.

ઉત્તરઃ- જણાય જાય છે. જણાય છે, માટે જણાય જાય છે. પરોક્ષપણે જણાય છે માટે પ્રત્યક્ષ થઈ જાય છે.

મુમુક્ષુઃ- એ સાચું છે ને?

ઉત્તરઃ- એ સાચું છે. પરોક્ષ જ્ઞાન પણ સાચું છે. ઉપયોગમાં-ઉપયોગમાં પરોક્ષપણે આત્મા જણાય છે અને શુદ્ધોપયોગમાં પ્રત્યક્ષ જણાય છે. હવે ઉપયોગમાં જ્યારે પરોક્ષ જણાય છે, સાંભળજો! ત્યારે મોહ ક્ષય થવાનું સમર્થપણું આવી ગયું અને શુદ્ધોપયોગમાં જણાયો ત્યારે મોહનો નાશ થઈ ગયો. આ બે ભેદ પડે છે. આટલો ભેદ પડે છે. આટલો ભેદ પડે છે. પરોક્ષપણે જ્યાં જ્ઞાયક આવ્યો હાથમાં, આહાહા! ત્યાં મોહ ક્ષપણમાં સમર્થ થઈ ગયો. હમણાં મોહ ક્ષય થશે.

મુમુક્ષુઃ- પ્રત્યક્ષ થાય તો મોહ ક્ષય થઈ જાય.

ઉત્તરઃ- પ્રત્યક્ષ થઈ ગયો, શુદ્ધોપયોગ થયો, મોહ ક્ષય થઈ ગયો, આહાહા! ઉપયોગમાં પરોક્ષ જણાય છે. શુદ્ધોપયોગમાં પ્રત્યક્ષ જણાય છે, બસ! બેય જીવના લક્ષણ છે અને જીવને પ્રસિદ્ધ કરે છે બેય લક્ષણ. ઉપયોગ લક્ષણ પણ ..

મુમુક્ષુઃ- જીવને પ્રસિદ્ધ કરે છે.

ઉત્તરઃ- અને શુદ્ધોપયોગ પણ ..

મુમુક્ષુઃ- જીવને પ્રસિદ્ધ કરે છે.

ઉત્તરઃ- એક પરોક્ષ અને એક પ્રત્યક્ષ એટલો ફેર છે, બસ! સવારથી આવ્યું હતું એ અત્યારે આવી ગયું અહીંયાં, લ્યો! સવારથી આ વિચારો આવ્યા હતા, મે ભાઈને વાત કરી હતી. એ અત્યારે

બરાબર મોકાસર એ જ વાત આવી. એજ અત્યારે આપણે સ્વાધ્યાય ૮૦ નંબરનો કર્યો.

કેમકે બેય ઉપયોગથી મળી ગયું. એના (અરહંતના) ઉપયોગમાં એનો આત્મા જણાય છે અને મારા ઉપયોગમાં મારો આત્મા જણાય છે. આહાહા! એ અભિમુખ પરિણામ થયા. ઉપયોગમાં ઉપયોગ છે. બીજું કાંઇ છે નહીં. હેં? અરિહંતના ઉપયોગમાં પણ ઉપયોગ અને મારા ઉપયોગમાં પણ ઉપયોગ. આહાહા!

મુમુક્ષુ:- પણ ઉપયોગમાં તો ઉપયોગ જ હોય ને?

ઉત્તર:- ઉપયોગ જ હોયને? આહાહા! **જેનું જે હોય તે તે જ હોય**ને, તે જ હોયને? **આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (સમયસાર ગાથા ૩૫૬-૩૬૫)**. અભેદનયે આત્મા થઈ ગયો. અભેદનયનો બહુ પ્રયોગ કરે છે જયસેન આચાર્ય ભગવાન! અભેદનયનો પ્રયોગ કરે છે.

મુમુક્ષુ:- એજ અનુભૂતિ છેને?

ઉત્તર:- (હાં.) શાસ્ત્રમાં લખી ગયા. આત્મ અભિમુખ પરિણામ એ ધ્યેયની વાત કરી.

મુમુક્ષુ:- ધ્યેયની અભિમુખતા.

ઉત્તર:- ધ્યેયની અભિમુખ થઈ ગયો. ધ્યેય પૂર્વક, આહાહા! અભેદ જ્ઞેય થઈ ગયો, આત્મા. એ જ્ઞેય થઈ ગયો આખો. એમાં એટલું જ લેવું. સ્વાશ્રિત પરિણામ એટલો જ આત્મા. પરાશ્રિત પરિણામ ન લેવા.

મુમુક્ષુ:- અરે, અહિયાં તો એની વાત જ નથી. એમણે પણ લીધું જ નથી.

ઉત્તર:- એમાં લીધું જ નથી.

મુમુક્ષુ:- છે જ નહીં. એને.

ઉત્તર:- છે જ નહીં. એની પર્યાય જ નથી પછી અભેદ ક્યાંથી થાય? જે પર્યાય દ્રવ્યની હોય એ દ્રવ્યની સાથે અનન્ય થાય. અભેદ થાય. જે પરિણામ પુદ્ગલના છે એ અભેદ ક્યાંથી થાય? એ તો વાત જ છે નહીં. અહીંયા તો ચેતન, ચૈતન્ય અને ચિદ્‌વિવર્તન એટલું લીધું છે બસ! ચેતન, ચિદ્‌વિવર્તન કહો કે ચેતન કહો. એક જ વાત છે.

મુમુક્ષુ:- નિર્ણયમાં જ એને કાઢી નાખ્યો, તો અનુભવમાં તો ક્યાંથી આવે?

ઉત્તર:- ક્યાંથી આવે? નિર્ણયમાં કાઢી નાખ્યો. કેમકે ત્યાં (અરિહંતમાં) રાગ નથી, એમ! એટલે અહીં (મારામાં) રાગ નથી. એની (અરિહંતની) પર્યાયમાં રાગ નથી એટલે અહીંની (મારી) પર્યાયમાં રાગ નથી. તો જ મળે ને નહિતર મળે ક્યાંથી?

મુમુક્ષુ:- ખરેખર એ પુદ્દ્લના પરિણામ છે. જીવના નથી.

ઉત્તર:- પુદ્દ્લના પરિણામ છે. જીવના પરિણામ નથી, એમ જ છે.

હવે આપણે અમૃતચંદ્રાચાર્યની (ટીકા) છે એમાં લઈ લ્યો ભેગાભેગ. સાથે-સાથ. એ પણ કર્તા-કર્મ ને ક્રિયાનો ભેદ ઉત્તરોત્તર ક્ષણે વિલીન પામતો જાય છેને એ કરણલબ્ધિના પ્રોસેસની જ વાત કરી છે એણે. કરણલબ્ધિની, એણે કરણલબ્ધિ શબ્દ નથી વાપર્યો. પણ એ પ્રોસેસ જ બતાવી છે. એનું તો હિન્દી છે ને? હા, વાંચો હિન્દી.

આગળ, પ્રવચનસાર શાસ્ત્ર ગાથા નંબર ૮૦. એની અમૃતચંદ્રાચાર્ય ભગવાનની ટીકા.

જયસેન આચાર્ય ભગવાનની ટીકાનો આપણે સ્વાધ્યાય કર્યો. હવે એજ ગાથાનો અમૃતચંદ્રાચાર્ય ભગવાન જે ટીકા કરેલ છે એનો આપણે સ્વાધ્યાય ચાલે છે. એનું મથાળું. **હવે, 'મારે મોહની સેનાને કઈ રીતે જીતવી' - એમ (તેને જીતવાનો) ઉપાય વિચારે છે**. મોહની સેનાને જીતવાનો ઉપાય શું છે એ આચાર્ય ભગવાન બતાવે છે.

**अर्थ: जो पुरुष द्रव्य गुण पर्यायों से पूज्य वीतराग देव को जानता है वह पुरुष अपने स्वरूप को जानता है और निश्चयकर उसीका मोह कर्म नाशको प्राप्त होता है।**

નાશની જ ધ્વનિ છે આમાં. **लयं** નો અર્થ **नाशको**. નાશને પ્રાપ્ત થાય છે.

**भावार्थ :**- ભાવાર્થ એટલે ટીકા એની. સંસ્કૃત ટીકાનું હિન્દી. **जैसे पिछली आंच का पकाया हुआ सोना निर्मल होता है उसी प्रकार अर्हंत का स्वरूप है।** સોનું અશુદ્ધ હોય, એને શુદ્ધ કરે છે. કુંડલીમાં નાખીને તપાવે છે અને પરિપૂર્ણ શુદ્ધ થઈ જાય છે. એમ, એ જ પ્રકારે, **उसी प्रकार** અરહંતનું સ્વરૂપ છે **अर्हंत का स्वरूप है**. સુવર્ણ જેમ શુદ્ધ છે સોનું, અને શુદ્ધ સો ટચનું સોનું થઈ ગયું એમ અરહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ થઈ ગયા. હવે એની પર્યાયમાં પણ અશુદ્ધતા ક્યાંય રહી નથી.

**उसी प्रकार अर्हंत का स्वरूप है**, સોનાના દાખલાએ. **और निश्चयकर जैसा अर्हंत का स्वरूप है वैसा ही आत्मा का शुद्ध स्वरूप है।** એના જેવો જ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. શુદ્ધ એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય, ત્રણે શુદ્ધ સ્વરૂપ છે. **इसलिए अर्हंत के जानने से आत्मा जाना जाता है।** અર્હંતના દ્રવ્ય-ગુણ–પર્યાયને જાણતાં પોતાના આત્માને જાણી શકાય છે. **वह गुण पर्यायों के आधार को द्रव्य कहते है।** ગુણો અને પર્યાયોનો જે આધાર હોય તેને દ્રવ્ય કહેવામાં આવે છે.

**तथा द्रव्य के ज्ञान आदिक विशेषणों को गुण कहते है। तथा द्रव्य के ज्ञान आदिक** જ્ઞાન દર્શન આદિ **विशेषणों को गुण कहते है। और एक समय मात्र काल के प्रमाण से चैतन्य आदि के परिणति भेदों को पर्याय कहते है।** જ્ઞાનને ગુણ કહેવાય અને ચૈતન્યની પર્યાયને, એક સમયની પર્યાય, એને પર્યાય કહેવાય, **परिणति भेदों को पर्याय**, જ્ઞાન જાણવું-દેખવું ઇત્યાદિ. **चैतन्य आदि के परिणति भेदों को पर्याय कहते है।** ગુણ ને પર્યાય બેની વ્યાખ્યા કરી. જ્ઞાનને ગુણ કહ્યું અને જાણવાની ક્રિયા થાય છે એને પર્યાય કહી.

**प्रथम ही अर्हंत के द्रव्य-गुण-पर्याय अपने मन में अवधारण करे।** મન વડે કળી લે છે, દ્રવ્ય-ગુણ-પર્યાયને પહેલા. એના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવા છે એ એના મનમાં લે છે, ધારે છે અનુભવ પહેલાં માનસિક જ્ઞાનમાં. **प्रथम ही अर्हंत के द्रव्य-गुण-पर्याय अपने मन में अवधारण करे।** કરવું, પહેલાં અવધારણ કરવું. એના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવા છે એ અહિયાં મનમાં લેવા પહેલા. ત્યાં જોઈને અહીંયાં મનમાં નિર્ણય કરવો કે ચેતન, ચૈતન્ય અને ચિદ્‌વિવર્તન એમાં એટલું જ છે તો એ લઈ લેવું. ઉપર કહ્યું, ગુણ અને પર્યાયની વાત.

**पीछे आप को इन गुण पर्यायों से जाने।** મારામાં જ્ઞાનગુણ છે અને સમયે-સમયે જાણવાની ક્રિયા મારામાં થાય છે. એમ પોતાના ગુણ અને પર્યાયને પોતે જાણે. કેમકે ગુણ-પર્યાયનો આધાર તે દ્રવ્ય છે, એતો આવી ગયું. એતો આવી ગયું. ગુણ-પર્યાય જેને આધારે થાય તે દ્રવ્ય, એ

તો આવી ગયું એટલે ગુણ અને પર્યાયને જાણે. ગુણ તો જ્ઞાનગુણ છે અને પર્યાય જાણવાની ક્રિયા થાય છે. બરાબર! **जाने और उसके बाद निज स्वरूप को अभेदरूप अनुभवे** । પહેલા ભેદરૂપ જાણે.

**प्रथम ही अर्हंत के द्रव्य-गुण-पर्याय अपने मन में अवधारण करे । पीछे** એ અરિહંતના દ્રવ્ય-ગુણ–પર્યાયને અવધાર્યું. હવે **पीछे** પોતામાં, **आप को इन गुण पर्यायो से जाने।** કે મારામાં પણ જ્ઞાનગુણ છે અને મારામાં પણ જાણવાની ક્રિયા થાય છે, ઉપયોગ લક્ષણ. **जाने और उसके बाद** એ ભેદથી, ગુણ ને પર્યાયને ભેદથી જાણ્યું, એ વ્યવહાર થઈ ગયો. **उस के बाद निज स्वरूप को अभेदरुप अनुभवे ।** જાણે અને પછી અનુભવે. "જાણે"માં અનુમાન આવ્યું. "અનુભવ"માં પ્રત્યક્ષ, ઓલું પરોક્ષ અને આ પ્રત્યક્ષ.

મુમુક્ષુ:- પરોક્ષમાં ભેદરૂપ જાણવું થાય છે.

ઉત્તર:- પરોક્ષમાં ભેદરૂપ. ગુણ અને પર્યાયને જાણ્યું. પોતે પોતાના જ્ઞાનમાં લીધું. મારામાં જ્ઞાન-દર્શન ગુણ છે અને જાણવા-દેખવાની મારામાં દશા થાય છે. એમ ગુણ અને પર્યાયને ભેદથી જાણ્યું, પછી અભેદ કરી નાખ્યું. તે પ્રોસેસ લેશે પછી. **अभेदरूप अनुभवे। इस आत्मा के त्रिकाल संबंधी पर्याय एक काल में अनुभवन करे। इस आत्मा के त्रिकाल संबंधी पर्याय एक काल में अनुभवन करे।** વળી એમાં આપણે એનો અનુવાદ જોવો પડશે જરાક. જોવો પડશે. હમણાં વાંચી લઉં છું પછી જોઈ લેજો તમે. થોડો અનુવાદમાં ફેર લાગે છે.

મુમુક્ષુ:- નહીં, બરાબર નથી. નહીં બરાબર નથી.

ઉત્તર:- નથી. એ આપણું જે ગુજરાતી થયું છેને એ બરાબર છે. **इस आत्मा के त्रिकाल संबंधी पर्याय एक काल में अनुभवन करे । जैसे हार में मोती पोए जाते हैं वहा भेद नहीं करते है। तैसे ही आत्मा में चित् पर्याय का अभेद करे ।** પર્યાયને અભેદ કરી નાખી દ્રવ્યમાં. **जैसे हार में उज्ज्वलगुण का भेद नहीं करते हैं, तैसे ही आत्मा में चेतना गुण को गोपन करे ।** ચેતના ગુણને પણ દ્રવ્યમાં અંતર્લિન કરે. એમ આવે છે.

**जैसे पहिरने वाला पुरुष अभेदरूप हार की शोभा के सुख को वेदता है, वैसे ही केवल ज्ञान से अभेदरूप आत्मिक सुख को वेदे। ऐसी अवस्था के होने पर अगले अगले** જુઓ, **अगले अगले समयों में** ઉત્તરોત્તર **अगले अगले समयों में कर्ता-कर्म-क्रिया का भेद क्षीण होता है।** આ અધ:કરણ, અપૂર્વકરણના પરિણામ આવી ગયા, આવી ગયા. **क्षीण होता है । तभी क्रिया रहित** નિષ્ક્રિય હતુંને? **क्रिया रहित।**

મુમુક્ષુ:- એટલે ભેદ રહિત.

ઉત્તર:- ભેદ રહિત. **क्रिया रहित सभी क्रिया रहित,** આહાહા! કર્તા-કર્મ-ક્રિયાનો ભેદ રહિત **चैतन्य स्वभाव को प्राप्त होता है ।**

**जैसे चोखे खरे रत्न का अकंप निर्मल प्रकाश है तैसे ही चैतन्य प्रकाश जब निर्मल निश्चल होता है तब आश्रय के बिना मोहरूपी अंधकार का अवश्य ही नाश होता है।** મોહને પરનો આશ્રય હતો. હવે, અંદરમાં સ્વનો આશ્રય આવ્યો તો મોહ નિરાધાર થઈ ગયો. નિરાશ્રય થઈ ગયો.

**नाश होता है। आचार्य महाराज कहते है जो इस भान्ति स्वरूप की प्राप्ति होती है तो मैंने मोह की सेना के जीतने का उपाय पाया।** હવે, જરા સંસ્કૃત વાંચીને તમે જુઓ તો ખરા બરાબર છે કે નહીં?

એનાં ઉપયોગમાં કેવળ શુદ્ધાત્મા જણાય છે, તો અહીંયા પણ શુદ્ધઉપયોગ ... આત્મા જ જણાય છે. સ્વપર કે લોકાલોકનું કાંઇ લીધું નથી. ત્યારે જ અભેદ થાયને પણ? જ્ઞાન આત્માને જાણવામાં આવી જાય ત્યારે અભેદ થઇ જાયને? ત્યાં જાણવા જાય તો અભેદ ક્યાંથી થાય? એ તો વિકલ્પની જાળ ઊભી થાય છે, આહાહા! આબેહૂબ પ્રોસેસ છે. આબેહૂબ.

મુમુક્ષુ:- બે વાતો લઈ લીધી આમાં. રાગની વાત ન લીધી એક તો, કેમકે રાગ થવાનો પ્રશ્ન નથી આત્મામાં. એમાં નથી તો અહીંયાં ક્યાંથી થાય?

ઉત્તર:- ક્યાંથી થાય? ન જ હોય.

મુમુક્ષુ:-એક વાત. બીજી વાત. એના જ્ઞાનમાં એનો આત્મા જ જણાય છે, ભગવાનને. તેમ મારા ઉપયોગમાં, મારા જ્ઞાનમાં પણ આ જ્ઞાયક જ જણાય છે. બે વાત આવી.

ઉત્તર:- ત્યારે અભેદ થાય. પર જણાય તો અહીંયાં અભેદ ન થાય, એમ મારું કહેવું છે. આહાહા! કર્તા પણ નથી અને જ્ઞાતા પણ નથી પરનો. ખરેખર દિગંબર સંતોએ બહુ ઉપકાર કર્યો છે શાસ્ત્રથી.

મુમુક્ષુ:- ઘણો ઉપકાર. આત્માને આમ બહાર લાવીને બતાવ્યો.

ઉત્તર:- બતાવ્યો, હથેળીમાં. તું આંખ ખોલ એટલી વાર, બસ તને પણ દેખાશે. તું રુચિની આંખ ઉઘાડી રાખ.

મુમુક્ષુ:- અનુભવની વિધિ પ્રત્યક્ષ બતાવે છે.

ઉત્તર:- આબેહૂબ! આબેહૂબ!

મુમુક્ષુ:- આત્મામાં જ્ઞાન થાય છે અને જ્ઞાનમાં આત્મા જણાય છે.

ઉત્તર:- જણાય છે.

મુમુક્ષુ:- બસ, એટલું જ છે.

ઉત્તર:- આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું તે.

મુમુક્ષુ:- ભેદ નીકળી જાય તો મોહ ક્ષય થઈ જાય.

ઉત્તર:- (હાં). જેવું કેવળજ્ઞાનમાં સ્વરૂપ ભાષે છે એવું મતિ-શ્રુતમાં (સ્વરૂપ) ભાષે. એનાથી જુદું ન ભાષે.

મુમુક્ષુ:- કેમકે એજ કેવળજ્ઞાનમાં કન્વર્ટ થશેને?

ઉત્તર:- એજ થવાનો છેને? એ મતિ શ્રુતવાળો જ કેવળજ્ઞાની થવાનો છે પાછો. જેવું અરિહંતે કેવળજ્ઞાનમાં જાણ્યું, એવું જ આ જાણે ત્યારે અરિહંત થાયને? આહાહા!

**मोह लयं।** અને અમૃતચંદ્રાચાર્યે મોહની સેનાને જીતવાનો ઉપાય હાથમાં લીધો , મોહને જીતવાનો નહીં.

મુમુક્ષુ:- એ (દર્શનમોહ) તો જીતાઇ ગયો છે.

ઉત્તર:- મોહની સેના એટલે મોહ ક્ષય થાય અને પાછળથી સેના રહે ચારિત્રમોહની, એને જીતવાનો ઉપાય હાથમાં આવી ગયો છે.

મુમુક્ષુ:- એને જીતવાનો ઉપાય પણ આ જ છે. એક જ ઉપાય છે.

ઉત્તર:- (હાં.) જે મિથ્યાત્વને જીતવાનો ઉપાય છે એ અવ્રત-કષાયને જીતવાનો ઉપાય છે. એટલે સેના લીધી એની. સેનાપતિની સાથે સેના હોય. તો સેનાપતિને તો જીત્યો છે મે. તો સેનાપતિને જે રીતે જીત્યો, તો સેનાને જીતવી તો સામાન્ય છે હવે મને, મારા મન તો.

મુમુક્ષુ:- એમણે એમ કીધું કે જો એવી રીતે જ જીતે તો એ ઉપાય તો મેં પ્રાપ્ત કરી લીધો છે.

ઉત્તર:- પ્રાપ્ત કરી લીધો છે બસ! શું શબ્દ વાપર્યો છે? સેનાને જીતવાનો ઉપાય. મોહની સેનાને. મોહ તો જીતી લીધો છે. હેં?

મુમુક્ષુ:- મોહ તો જીતી લીધો છે. બરાબર.

ઉત્તર:- એટલે એમાં બેય પ્રકાર લઈ લીધા, બેય પ્રકાર એટલે મૂળ લઈ લીધા, આહાહા! મન વડે પહેલા કળી લે છે આત્માને. એ જે શબ્દ છેને? **મન વડે કળી લે છે**. એ યથાર્થ નિર્ણયની ભૂમિકા છે.

મુમુક્ષુ:- અપૂર્વ નિર્ણય.

ઉત્તર:- અપૂર્વ નિર્ણય અને અફર નિર્ણય છે. એની પાછળ અનુભૂતિ બંધાયેલી છે. એ એવો નિર્ણય છે. મન વડે જાણી લે છે. બોલો! આને મન વડે જાણી લે છે એમ કહીનેકહ્યું અને ઓને (જયસેન આચાર્યની ટીકામાં) સવિકલ્પ સ્વસંવેદન લીધું છે.

મુમુક્ષુ:- એક જ વાત છે.

ઉત્તર:- એક જ વાત છે. સવિકલ્પ સ્વસંવેદન કહો કે મન વડે. કે જ્ઞાનમાં પરોક્ષ આત્મા આવી ગયો, એક જ વાત છે.

મુમુક્ષુ:- અનુમાન જ્ઞાન કહો.

ઉત્તર:- અનુમાન જ્ઞાન.

મુમુક્ષુ:- શબ્દો જુદા જુદા છે ભાઈ! પ્રક્રિયા તો એક જ છે ને?

ઉત્તર:- એક જ હોય ને?

આહાહા! આવા સ્વરૂપની ચર્ચાય પણ કોઈ કરતું નથી. ચર્ચા કરવા જેવી તો આ છે, જેમાં મોહનો ક્ષય થઈ જાય. મોહ ક્ષયની ચર્ચા છે. એ સંસ્કૃત જરા વાંચજો તમે, મનમાં તમારા મનમાં.

મુમુક્ષુ:- **यो हि नामार्हन्तं द्रव्यत्वगुणत्वपर्ययत्वैः परिच्छिनत्ति स खल्वात्मानं परिच्छिनत्ति, उभयोरपि निश्चयेनाविशेषात् ।** પોતાને અને અર્હંતને બેયને નિશ્ચયથી જાણે. દ્રવ્ય-ગુણ-પર્યાય.

ઉત્તર:- બરાબર. નિશ્ચયથી, એના (અરિહંતના) દ્રવ્ય-ગુણ-પર્યાય છે, એવો મારો આત્મા છે એમ નિશ્ચયથી મળી જાય છે. બરાબર. જાણ્યું.

મુમુક્ષુ:- **अर्हतोऽपि पाककाष्ठागतकार्तस्वरस्येव परिस्पष्टमात्मरूपं,** અર્હંત સો ટચના સોનાની ભાંતિ પરિપૂર્ણ પરિસ્પષ્ટ એકદમ શુદ્ધ સ્વરૂપ છે આત્માનું. **ततस्तत्परिच्छेदे सर्वात्मपरिच्छेदः।** એવો જ આત્મા છે. ત્યાં **तत्र** ત્યાં**, तत्रान्वयो द्रव्यं** અન્વયરૂપ દ્રવ્ય,

**अन्वयविशेषणं गुण:,** અન્વયનો વિશેષણ, દ્રવ્યનો વિશેષણ ગુણ છે. **अन्वयव्यतिरेका: पर्याया: ।** અન્વયનો વ્યતિરેક એ પર્યાય છે.

ઉત્તર:- અન્વયનો ભેદ એ પર્યાય. દ્રવ્યનો ભેદ તે પર્યાય. એમ લીધું એણે સમજી ગયા? ગુણનો ભેદ પર્યાય નહીં, દ્રવ્યનો (ભેદ) લીધો.

મુમુક્ષુ:- એટલે એમાં વ્યંજનપર્યાય લેવિ?

ઉત્તર:- વ્યંજનપર્યાય લેવિ છે. હું બોલવા જતો હતો હમણાં. એ બરાબર છે. ખરા છો તમે પણ.

મુમુક્ષુ:- બધું આપે શીખડાવ્યું છેને? **तत्र भगवत्यर्हति सर्वतो विशुद्धे त्रिभूमिकमपि स्वमनसा समयमुत्पश्यति।** એટલે તે અરહંત ભગવાનને સર્વ પ્રકારે શુધ્ધ પોતાના મન દ્વારા દેખી લે છે. મનથી દેખી લે છે.

ઉત્તર:- કેમકે મનનો વિષય રૂપી અને અરૂપી બેય છેને, એટલે. મનમાં આવી જાય છે, અરૂપી આત્મા. તત્વાર્થસૂત્રનો પાઠ છે, મનનો વિષય રૂપી અને અરૂપી બેય છે. ક્યાંય દોષ નથી આવતો. આ બધો અભ્યાસ કરેલો છેને? આવા ટાઈમે હાજર થાય. બરાબર છે. મન વડે જણાઈ જાય છે આત્મા.

મુમુક્ષુ:- અરહંતનો આત્મા.

ઉત્તર:- અરહંતનો આત્મા. બરાબર છે. ચાલો.

મુમુક્ષુ:- **यश्चेतनोऽयमित्यन्वयस्तद्द्रव्यं,** જે આ ચેતન અન્વયરૂપ છે એ દ્રવ્ય છે.

ઉત્તર:- ચેતન-ચેતન-ચેતન. ચેતનને દ્રવ્ય કહેવાય.

મુમુક્ષુ:- અન્વય, અન્વય રૂપ,

ઉત્તર:- અન્વય રૂપ.

મુમુક્ષુ:- ચેતન એ દ્રવ્ય છે.

ઉત્તર:- અન્વય એટલે છે-છે-છે ને છે જ, બસ!

મુમુક્ષુ :- **यच्चान्वयाश्रितं चैतन्यमिति विशेषणं स गुण:.**

ઉત્તર:- અન્વયને આશ્રયે રહેલું ચૈતન્ય તે ગુણ છે. એટલે ચેતન અને ચૈતન્ય એવા દ્રવ્ય અને ગુણમાં નામ ફેર પડયો.

મુમુક્ષુ:- નામ ફેર પાડયો છે.

ઉત્તર:- બરાબર છે.

મુમુક્ષુ:- ચેતન તો અભેદ છે. અને આ ચૈતન્યમાં દર્શન-જ્ઞાન બે ગુણ છે.

ઉત્તર:- બે જ ગુણ મુખ્યપણે. ઓમાં તો અનંત ગુણ આવી જાય, દ્રવ્યમાં. બરાબર છે.

મુમુક્ષુ:- **ये चैकसमयमात्रावधृतकालपरिमाणतया परस्परपरावृत्ता अन्वयव्यतिरेकास्ते पर्यायाश्चिद्विवर्तनग्रंथय इति यावत्।**

ઉત્તર:- ચિદ્દવિવર્તન શબ્દ વાપર્યો છેને? ચિદ્દ એટલે ચૈતન્યનો વિવર્તન પલટો થાય છે, ઉપયોગનો પરિણમન લીધું. વિવર્તન પરિણમન લીધું. ઉપયોગ, એ ઉપયોગ લક્ષણ છે. બરાબર છે.

ચિદ્‌વિવર્તન ઉપયોગનો પલટો થાય છેને? એક સમયનો જ ઉપયોગ છે. બીજા સમયે બીજો ઉપયોગ. એમ! બરાબર છે. કેવું સંકલન કર્યું છે એમણે! આહાહા!

મુમુક્ષુ:- અહીયાં તો અન્વયના વ્યતિરેક.

ઉત્તર:- હાં, અન્વયના વ્યતિરેક.

મુમુક્ષુ:- અન્વયના વ્યતિરેક જે પર્યાય ચિદ્‌વિવર્તન એને પર્યાય લીધી.

ઉત્તર:- પર્યાય લીધી, બરાબર. ઠીક છે.

મુમુક્ષુ:- એટલે દ્રવ્યની પણ તે પર્યાય, ઉપયોગ લીધી અહીંયાં.

ઉત્તર:- હાં, ઉપયોગ લીધો.

મુમુક્ષુ:- ચિદ્‌વિવર્તન.

ઉત્તર:- ચિદ્‌વિવર્તન! ઉપયોગ જ લીધો. એમાં એણે વ્યંજનપર્યાય નથી લીધી.

મુમુક્ષુ:- નહીં, ઉપયોગ જ લીધો.

ઉત્તર:- બરાબર. આ વ્યંજનપર્યાય તો જયસેન આચાર્યે લીધી છે. આમણે (અમૃતચંદ્રાચાર્યએ) નથી લીધી.

મુમુક્ષુ:- આ પ્રકારે જાણ્યુંને? ચેતન, ચૈતન્ય અને ...

ઉત્તર:- ચિદ્‌વિવર્તન જાણ્યું.

મુમુક્ષુ:- ચિદ્‌વિવર્તન. ત્રણેને જાણ્યું. હવે શું કહે છે? કે **अथ** આના પછી, **अथैवमस्य त्रिकालमप्येककालमाकलयतो** ત્રિકાળીને કળી લે છે.

ઉત્તર :- કળી લે છે. જાણી લે છે.

મુમુક્ષુ:- ત્રિકાળીને.

ઉત્તર:- ત્રિકાળીને.

મુમુક્ષુ:- ત્રિકાળી એટલે ત્રિકાળી દ્રવ્ય લેવું જોઈએને?

ઉત્તર:- ત્રિકાળી દ્રવ્ય. દ્રવ્ય, ગુણ, પર્યાય નહીં. ત્રિકાળીને.

મુમુક્ષુ :- એમાં આ અર્થ બરાબર નથી. આત્માની-ત્રિકાળ સબંધી, પર્યાય એક કાળમાં અનુભવ કરી લે છે.

ઉત્તર :- એ અર્થ નથી કર્યો. આપણામાં ત્રિકાળીને જાણી લે છે.

મુમુક્ષુ:- **चिद्विवर्तांश्चेतन एव संक्षिप्य विशेषणविशेष्यत्ववासनान्तर्धानाद्धवलिमानमिव प्रालम्बे चेतन एव चैतन्यमन्तर्हितं विधाय केवलं प्रालम्बमिव केवलमात्मानं परिच्छिन्दतस्तदुत्तरोत्तरक्षणक्षीयमाणकर्तृकर्मक्रियाविभागतया निष्क्रियं** કેટલું મોટું વાક્ય લખ્યું છે.

ઉત્તર:- બહુ મોટું છે, હાં.

મુમુક્ષુ:- **निष्क्रियं चिनमात्रं भावमधिगतस्य जातस्य मणेरिवाकम्पप्रवृत्तनिर्मलालोकस्यावश्यमेव निराश्रयतया मोहतमः प्रलीयते।** કહે છે ત્રિકાળીને લઈ લે છે પછી **मुक्ताफलानीव प्रलम्बे।** મુકતાફળની જગ્યાએ પર્યાયને લીધી.

ઉત્તર :- પર્યાય કહ્યું. બરાબર. મોતી. મોતી ને આમાં અંતર્ધાન કરે છે, હારમાં.

મુમુક્ષુ:- સંક્ષેપે છે.

ઉત્તર:- સંક્ષેપે છે. મેળવી દયે છે.

મુમુક્ષુ:- મોતીની જેમ જે ચિદ્‌વિવર્તન છે તેને ચેતનમાં સંક્ષેપે છે.

ઉત્તર:- સંક્ષેપે છે. બરાબર. એમ દ્રવ્ય સન્મુખ થઈને અભેદ કરી નાખે છે. દ્રવ્ય કરી નાખે છે. પર્યાયને દ્રવ્યરૂપ કરી નાખે છે.

મુમુક્ષુ:- એટલે દ્રવ્યનો અનુભવ કરી લે છે પર્યાયમાં.

ઉત્તર:- બરાબર છે. પર્યાયમાં એકાગ્ર થઈ જાય છે તો પર્યાયનો ભેદ ન દેખાય. પર્યાય પોતે દ્રવ્યરૂપ થઈ જાય છે, એમ!

મુમુક્ષુ:- પર્યાયનો ભેદ છોડીને દ્રવ્યમાં એકાગ્ર થતાં, પર્યાય દ્રવ્યરૂપ થઈ જાય છે.

ઉત્તર:- બસ-બસ! જે અનુભૂતિ તે આત્મા, એમ કહ્યું તે આ. બરાબર.

મુમુક્ષુ:- **चिद्विवर्तांश्चेतन एव** संक्षिप्य ચિદ્-વિવર્તનને ચેતનમાં સંક્ષેપ કરીને અને **विशेषणविशेष्यत्ववासना** ગુણ અને ગુણીને જે વાસના.

ઉત્તર:- એને અંતર્ધાન કરે છે. એમાં લીન કરે છે. ગુણભેદને કાઢી નાખે છે. પર્યાય ભેદ કાઢે છે. પછી ગુણભેદ ભેદ કાઢીને, અભેદ કરી નાખે છે. પર્યાયને દ્રવ્યમાં અભેદ કરે છે. પર્યાયના ભેદને અને ગુણભેદને છોડીને એ દ્રવ્યને જુએ છે તો ગુણ ને દ્રવ્ય એક થઈ જાય છે, એમ! બરાબર.

મુમુક્ષુ:- એટલે પર્યાયનો ભેદ દેખાતો નથી અને ગુણભેદ દેખાતો નથી.

ઉત્તર:- ગુણભેદ દેખાતો નથી, બસ!

મુમુક્ષુ:- એકલો સ્વભાવ દેખાય છે.

ઉત્તર:- એકલો અભેદનયે આત્મા છે. બરાબર છે. એ બરાબર છે. એ શબ્દ આવ્યો. ત્રિકાળીકને પણ એક સમયે કળી લે છે. એનો એક વિચાર આવે છે. કહું વિચાર. ઓમ તો ત્રિકાળીને કળી લે છે, એ તો ત્રિકાળી દ્રવ્ય જ છે અને એની સન્મુખ થાય છે ત્યારે જ મોહ ક્ષપણનો સમર્થપણું થાય છે. એટલે એ વાત તો રાખીને ઉપરાંત વિચારો તો આવે ને ઘણાં. તો અત્યારે જેવો આત્મા મારા અનુભવમાં આવ્યોને, દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ભૂતકાળમાં (પણ) મારું જ્ઞેય એવું હતું. અને ભવિષ્યકાળમાં એવું જ જ્ઞેય રહેવાનું છે. ખાલી વિચાર હતો. જ્ઞેયની પ્રધાનતા છે, એ ધ્યાન રાખવાનું. અત્યારે જે જ્ઞેય જણાણું મને, આલોચના થઈને? દ્રવ્ય, ગુણ અને પર્યાય, કેમકે પર્યાયમાં તો ચિદ્‌વિવર્તન જ લીધું છે, ઉપયોગ લીધો છે. એને મતિજ્ઞાન, કે અશુદ્ધ ઉપયોગ કે મિથ્યાજ્ઞાન એવું લીધું નથી. ભૂતકાળમાં પણ મારો આત્મા, આજે મેં જોયોને, ભલે મારા જ્ઞાનમાં નહોતો આવ્યો, એ જુદી વાત છે.

મુમુક્ષુ:- એ જુદી વાત છે. એ ડિપાર્ટમેન્ટ આખું અલગ છે.

ઉત્તર:- અલગ છે, એ ડિપાર્ટમેન્ટ અલગ છે. વસ્તુ કેવી હતી પૂર્વે? પૂર્વે હું રાગરૂપ થયો હતો? કે નહીં! હું જ્ઞાનથી અનન્ય જ હતો પૂર્વે. વર્તમાનમાં અનન્યનો અનુભવ થયો. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચનાના વિચારો આવ્યા મને. ભૂતકાળમાં પણ હું જ્ઞાનથી અનન્ય હતો. જેમ

વર્તમાનમાં જ્ઞાનથી અનન્ય અનુભવ થયો મને પ્રત્યક્ષ.

મુમુક્ષુઃ- જેવો અત્યારે છું એવો ત્રણે કાળ છું.

ઉત્તરઃ- એવો ભૂતકાળમાં, ત્રિકાળ છું. આ જ્ઞેયની પ્રધાનતાથી વાત છે. એમ વિચાર, બે ચાર વાર આવેલો ખરો. બે ચાર વાર હો! એક વખત નહીં. ત્રણે કાળ હું જ્ઞાનથી અનન્ય છું, ત્રણે કાળ. એક સમય રાગથી અનન્ય થયો નથી. તો-તો જડ થઈ જાય. એને ભાન ન હતું એ તો અલગ વાત છે. વસ્તુની સ્થિતિ કેવી હતી?

મુમુક્ષુઃ- વસ્તુની વાત ચાલે છે.

ઉત્તરઃ- વસ્તુની વાત ચાલે છે.

મુમુક્ષુઃ- હું કેવો હતો? એ તો ભાન તો નવું થાય છે અહીંયા.

ઉત્તરઃ- ભાન નવું થાય છે.

મુમુક્ષુઃ- ધ્યેયનું ભાન પણ નવું થાય છે અને જ્ઞેયનું ભાન પણ નવું થાય છે.

ઉત્તરઃ- જ્ઞેયનું ભાન પણ નવું થાય. બેય ભાન નવું થાય છે. કાંઇ જાણતો નહોતો. કાંઇ જાણતો નહોતો.

મુમુક્ષુઃ- ધ્યેયનું ભાન થયું એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞેયનું ભાન થયું એનું નામ સમ્યક્જ્ઞાન.

ઉત્તરઃ- બરાબર, બરાબર.

મુમુક્ષુઃ- સમ્યગ્દર્શન ને સમ્યક્જ્ઞાન નવા થાય, પણ હું તો અનાદિથી જેવો હતો તેવો જ છું.

ઉત્તરઃ- આ તો એક વિચાર (છે).

મુમુક્ષુઃ- બરાબર છે એકદમ.

ઉત્તરઃ- વિચાર કરવાનો, બસ! બીજું શું? કારણ કે ભૂતકાળમાં પણ જ્ઞેય રાગવાળું જ્ઞેય ન લેવાય. કેમકે અત્યારે રાગવાળું લેતો નથી.

મુમુક્ષુઃ- પછી ભૂતકાળમાં કેમ લેવાય?

ઉત્તરઃ- અત્યારે રાગરહિત છે. પર્યાયમાં રાગ નથી. ત્યાં (અરિહંતમાં) પણ નથી, અહીંયાં પણ નથી. કાઢી નાખ્યોને રાગને તો? તો એક સમય પૂર્વે પણ રાગ નહોતો. ભૂતકાળમાં પણ નહોતો. પૂર્વ ભવમાં પણ નહોતો રાગ.

મુમુક્ષુઃ- ખરેખર નહોતો રાગ.

ઉત્તરઃ- ખરેખર નહોતો, કેમકે એ તો પુદ્ગલના જ પરિણામ (છે). ભલે સાથે-સાથે હતા. પણ ઉપયોગથી અનન્ય હતો. આજે ઉપયોગથી અનન્ય ભાષ્યો, તો ઉપયોગથી અનન્ય હતો તો ભાષ્યોને? તો કાલે પણ અનન્ય હતો, પરમ દિ પણ અનન્ય હતો. એમ તમે જરા ભૂતકાળમાં લંબાવિ ઘો.

મુમુક્ષુઃ- અનાદિથી અનન્ય હતો, ઉપયોગથી અનન્ય હતો.

ઉત્તરઃ- ઉપયોગથી અનન્ય હતો. એવો જ જ્ઞેય છે. ગુણથી અભેદ ધ્યેય છે. પર્યાયથી અભેદ જ્ઞેય છે. જ્ઞેય પણ આખો. ધ્યેય પણ આખો છે. **ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્** (તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૫,

સૂત્ર ૩૦) અનાદિ અનંત છે. જુઓ હવે! **गुणपर्ययवत् द्रवयम्** અનાદિ અનંત છે. આ જૈનદર્શન છે ને, બહુ વિશાળ છે. બહુ વિશાળ છે. જૈનદર્શન. બહુ વિશાળ છે. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** અનાદિ અનંત અને **गुणपर्ययवत् द्रवयम्** પણ અનાદિ અનંત. તો એ અનાદિ અનંત **गुणपर्ययवत् द्रवयम्** એમાં શું લેશો તમે? ઉપયોગ જ લેવાય. રાગ ન લેવાય.

મુમુક્ષુ:- ન લેવાય. અત્યારે નથી લેતા.

ઉત્તર:- અત્યારે પણ નથી લેતા, તો પછી?

મુમુક્ષુ:- ઘણી સુંદર વાત છે.

ઉત્તર:- જ્ઞેયનું જ્ઞાન થાય છે આ. જ્ઞેયનું જ્ઞાન. ધ્યેય તો બરાબર છે. એમાં તો બે મત છે નહીં કાંઈ. બે મત પડતા હોય તો જ્ઞેયમાં પડે છે જગતને. જ્ઞેયમાં પણ એક જ મત છે. બે મત છે જ નહીં. ઉપયોગથી અનન્ય છે. એ તો શાસ્ત્ર કહે છે ને.

મુમુક્ષુ:- બિલકુલ ખરી વાત છે.

ઉત્તર:- તો આજથી ઉપયોગથી અનન્ય તને ભાષ્યું અને રાગથી અન્ય ભાષ્યું, તો તું એવો હતો જ. એટલે ભાષ્યું. હતુંને એ ભાષ્યું ને? આહાહા!

મુમુક્ષુ:- પહેલા હતું એવું નહોતું ભાષતું, એ તો અજ્ઞાન હતું.

ઉત્તર:- એ તો અજ્ઞાન હતું.

મુમુક્ષુ :- હવે જેવો હતો એવો ભાષયો.

ઉત્તર:- એવો ભાષયો. તો **गुणपर्ययवत् द्रवयम्, उत्पादव्ययध्रौव्ययुक्तं सत्,** અનાદિઅનંત છે. એ જ્ઞેય અનાદિઅનંત છે.

મુમુક્ષુ:- એકદમ સાચી વાત. બરાબર છે.

ઉત્તર:- આ તો શાસ્ત્રનો આધાર તમને આપું છું. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्,** અને **गुणपर्ययवत् द्रवयम्**.

મુમુક્ષુ:-એમાં આવે છે ને? સદા ઉપયોગ લક્ષણથી.

ઉત્તર:- સદા ઉપયોગ લક્ષણ, બસ એ. એ ઉપયોગથી આત્મા અનન્ય છે. અને ઉપયોગથી અનન્યરૂપે પરિણમે છે. પણ એની નજર ત્યાં નથીને એટલે હું રાગરૂપે પરિણમું છું. એ તો ભ્રમણા છે. એ તો અજ્ઞાન છે. એ તો કાંઇ વાસ્તવિક છે થોડું?

મુમુક્ષુ:- એ કાંઇ વસ્તુ થોડી છે?

ઉત્તર:- વસ્તુ થોડી એવી થઇ ગઇ છે? એ માને છે એવી?

મુમુક્ષુ:- એ તો કલ્પના છે.

ઉત્તર:- કલ્પના-કલ્પના. એની કલ્પના છે.

આહાહા! સ્વાધ્યાય તો સ્વાધ્યાય છે. આપણે કાંઇ વાદવિવાદમાં ક્યાંય પડવું નથી. કારણ કે પ્રવચનસાર જ્ઞાન પ્રધાન છે. જ્ઞાન પણ સમ્યક્જ્ઞાન છે. જ્ઞાન પ્રધાન એટલે સમ્યક્જ્ઞાન પ્રધાન. ત્યારે? જ્ઞાન પ્રધાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવે. આ બધું નીકળે છે, ધ્યેય પૂર્વક જ્ઞેયનો સ્વીકાર કર્યો તમે, એટલે કહું છું તમને. જો સ્વીકાર ન કર્યો હોત ધ્યેય પૂર્વક જ્ઞેયનો, તો આ વાત અંતરની

કરાય નહીં. આવું જ્ઞેય થાય છે, થાય છે તો પૂર્વે (પણ) એવું હતું.

મુમુક્ષુ:- એવું હતું. એવું ભાન થયું.

ઉત્તર:- એવું ભાન થયું. નવું શું કર્યું એણે? હતું એવું જાણી લીધું, બસ!

મુમુક્ષુ:- ધ્યેય પણ અનાદિનો. જ્ઞેય પણ અનાદિનો. એનું ભાન નવું થાય છે.

ઉત્તર:- ભાન નહોતું. ધ્યેયનું પણ ભાન નહોતું અને જ્ઞેયનું પણ ભાન નહોતું.

મુમુક્ષુ:- ભાઈ, આતો બહુ સરસ વાત છે. ટંકોત્કીર્ણ વાત છે. તો જ્ઞાનમાં, ભાઈ! કાંઇ છુપું નથી રહી શક્તું. જ્ઞાનમાં જેવું સ્વરૂપ છે એવું આવી જ જાય છે.

ઉત્તર:- આવી જ જાય. આવી જ જાય. જ્યારે જ્યારે હું આ વાંચું ને ત્યારે ત્યારે એ જ ભાવ ઓલો આવે. પણ દબાવી રાખું. મારું જે ઑબ્ઝર્વેશન (observation), અથવા મારો સ્વાધ્યાય છે એ જ્ઞાનીની સાથે સાથી ચાલવાનું છે. એટલે જ્ઞાનીનું હ્રદય, અહીંયા શું જ્ઞાની કહેવા માંગે છે, એ મારું લક્ષ જાય. આપણે ઓલી વાતો જે હોય દ્રષ્ટિના વિષયની, એ આગળ ન કરાય જ્ઞાન પ્રધાન કથનમાં, તો આ ન સમજાય.

મુમુક્ષુ:- બહુ માંગલિક પ્રવચન છે તમારું.

ઉત્તર:- સંધ્યા! મધ્યસ્થથી વિચારનારા જીવો ઓછા છે. આત્માર્થી થાય તો એ મધ્યસ્થ થાય. બાકી પક્ષપાતમાં, કાં આની કોર ખેંચાઇ જાય, કાં આની કોર ખેંચાઇ જાય. કાલે કાગળ વાંચ્યો તો એ જ થયું, ખેંચાણ ખેંચાણ, ખેંચાઇ ગયા છે.

મુમુક્ષુ:- મધ્યસ્થ નથી?

ઉત્તર:- (ના).

મુમુક્ષુ:- આ જુઓ! કેવી મધ્યસ્થતા! જુઓ ને હવે? આમાં પણ પ્રત્યક્ષ દેખાય જ છે કે આત્મા ઉપયોગમાં જ રહે છે. અનાદિથી આત્મા ઉપયોગમાં જ રહી રહ્યો છે. ઉપયોગથી બહાર ગયો જ નથી આત્મા.

ઉત્તર:- જાય ક્યાંથી?

મુમુક્ષુ:- આવા જ્ઞેયમાં જ આવું ધ્યેય સ્વરૂપ આત્મા રહેલું છે.

ઉત્તર:- બસ!

મુમુક્ષુ:- ઉપયોગમાં ઉપયોગ છે.

ઉત્તર:- પરિણામીમાં અપરિણામી રહેલો છે. તે પરિણામી છે. સમયે સમયે ઉપયોગથી અનન્યરૂપે પરિણમે છે.

મુમુક્ષુ:- પરિણમે છે. વસ્તુ એવી છે ને? વસ્તુ એવી છે.

ઉત્તર:- વસ્તુ એવી છે-વસ્તુ એવી છે. સૂર્ય પ્રકાશમાં જ રહેલો છે. દિપક એના પ્રકાશમાં જ રહેલો છે. પ્રકાશની બહાર જાતો નથી સૂર્ય.

મુમુક્ષુ:- ક્યાં જાય? કઇ રીતે જાય?

ઉત્તર:- જઇ શકે જ નહીં, ખલાસ! વસ્તુ સ્થિતિ છે. વસ્તુ પોતાની મર્યાદા છોડે નહીં. તો વસ્તુનો નાશ થઇ જાય. છોડે જ નહીં.

મુમુક્ષુ:- નાશ તો થયો નથી.

ઉત્તર:- થયો નથી. એટલે મર્યાદામાં જ રહ્યો છે. નહિતર તો હોત નહીં અત્યારે આત્માનું અસ્તિત્વ .

મુમુક્ષ :- ઉપયોગમાં ઉપયોગ રહેલો જ છે.

ઉત્તર:- બસ! ઉપયોગમાં ઉપયોગ છે. ટંકોત્કીર્ણ વાત છે.

મુમુક્ષુ:- ટંકોત્કીર્ણ વાત છે, અને જયસેન આચાર્યની ટીકામાં અભેદ પરિણામી લીધું છે..

ઉત્તર:- હાં અભેદ પરિણામી લીધું છે.

મુમુક્ષુ:- પરિણામીમાં અપરિણામી રહેલો છે.

ઉત્તર:- એ બરાબર છે. અભેદ લીધું છે.

મુમુક્ષુ:- એતો આપણે પરિણામીમાં અપરિણામી છે એ તો ભેદ કરીને વાત કરીએ છે.

ઉત્તર:- એટલે જયસેન આચાર્ય ભગવાનની જે ટીકા છેને એ જ્ઞાનપ્રધાન છે. અને આ દ્રષ્ટિપ્રધાન છે એટલે બેમાં થોડો ફરક છે.

મુમુક્ષુ:- પણ બેય અવિરોધ છે.

ઉત્તર:- બેય અવિરોધ છે. બેય સમ્યક્જ્ઞાની મહા સંત છે, આહાહા! અતિ આસન્નભવ્ય ધર્માત્મા છે, એમાં શું? એ સ્વરૂપ છે, સ્વરૂપ છે. આવું જ્ઞેય છે.

મુમુક્ષુ:- કેમકે આપે એકવાર કીધું હતું મુંબઇમાં. આ થોડી સામાન્ય વાત થઈ ગઈ, કે પર્યાય વિના દ્રવ્ય નથી હોતું. અને દ્રવ્ય વિના પર્યાય નથી હોતી, તો આત્મા કઈ પર્યાયમાં રહ્યો છે આનાદિથી? વિચાર કરો.

ઉત્તર:- બસ! વિચાર કરો.

મુમુક્ષુ:- ઉપયોગમાં રહ્યું છે.

ઉત્તર:- બસ! ઉપયોગમાં જ રહેને? બીજે ક્યાં રહે?

મુમુક્ષુ:- જેવુ સામાન્ય હોય એવું જ એનું વિશેષ હોય.

ઉત્તર:- એવું વિશેષ. એ વિશેષમાં રહેલો છે. અને સામાન્ય એવું વિશેષરૂપે પરિણમે છે. એવું છે, એનાથી વિશેષ...

મુમુક્ષુ:- એનાથી જ સામાન્યની ઓળખાણ થાય છે.

ઉત્તર:- ઓળખાણ થાય છે, બસ! એ ઉપયોગ લક્ષણ છે, એ બરાબર છે.

મુમુક્ષુ:- એકદમ બરાબર છે. એમાં કાંઇ ફેર નથી.

ઉત્તર :- તત્ત્વાર્થસૂત્રકારે જે કહ્યું એ સત્ય છે.

મુમુક્ષુ :- કેવી વાત કરી છે એણે. उपयोगो लक्षणम् (તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૨ , સૂત્ર 8). ૧૭-૧૮ ગાથામાં પણ ઉપયોગમાં આત્મા જાણવામાં આવે છે.

ઉત્તર:- હાં!

મુમુક્ષુ:- કેટલી સ્પષ્ટ ચોખી વાત કરી છે.

ઉત્તર:- પોતે પોતાને જાણવારૂપે પરિણમી રહ્યો છે. પરિણામી છે આત્મા બોલો!

મુમુક્ષુ:- એનો પરિણામ લીધો છે.

ઉત્તર:- લીધો છે, ત્યારે! એ જ્ઞેય છે. એ જ્ઞેય અનાદિ અનંત છે. એ ૧૭-૧૮ ગાથાનો જે ભાવ છે એ અનાદિ અનંત છે.

મુમુક્ષુ:- વસ્તુની સ્થિતિ એવી છે.

ઉત્તર:- વસ્તુની સ્થિતિ આવી છે કે ઉપયોગમાં આત્માનો અનુભવ થાય છે, આહાહા! એ જ્ઞેય છે. એ જ્ઞેય અનાદિઅનંત છે. સ્વીકાર ન કરે તો એની ભૂલ છે. એ અલગ વાત છે. એ તો અલગ વ્યક્તિગત વાત થઈ ગઈ. વ્યક્તિગત. સમસ્તીગત શું છે? વસ્તુનું સ્વરૂપ. બસ!

મુમુક્ષુ:- આમાં કેટલા બધા ન્યાયો છે. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** એ અનાદિ અનંત છેને ?

ઉત્તર:- **गुणपर्ययवत् द्रवयम्** પણ ..

મુમુક્ષુ:- અનાદિ અનંત છે.

ॐ